
વર્ષઃ 7 અંકઃ 03

1-15 ઓગસ્ટ, 2026 (નિઃશુલ્ક)


# ન્યૂ ઈન્ડિયા સમાચાર




# લાલ કિલ્લાથી જન-જન સુધી
# વિકસિત ભારતની યાત્રા

લાલ કિલ્લા પરથી ગુંજેલો દરેક સંકલ્પ આજે સાકાર રૂપ લઈ રહ્યો છે. વીતેલા 12 વર્ષોની સિદ્ધિઓ દર્શાવે છે કે કેવી રીતે 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના વિકસિત ભારત @2047નો પાયો બની રહી છે...

અમને ફોલો કરો @NISPIBIndia



મેઘાલયના

# રૂટ બ્રિજ

# ધૈર્ય અને પ્રકૃતિ પ્રત્યે ઊંડો આદર

મેઘાલયની ઓળખ વાદળો, સુંદર દ્રશ્યો અને ત્યાંના લોકોની આત્મીયતાથી છે. મેઘાલયની વધુ એક વિશેષતા છે - રૂટ બ્રિજ જે થોડા દિવસો કે થોડા વર્ષોમાં નથી બનતા. તેમને તૈયાર થવામાં કેટલાય દાયકાઓ લાગે છે. રબરના વૃક્ષોના મૂળને ધીમે-ધીમે દિશા આપીને તેને જળ-ધારાઓની બંને બાજુએ લઈ જવામાં આવે છે. સમય જતાં એ જ મૂળ એક મજબૂત સેતુનું રૂપ લઈ લે છે. આ જીવંત સેતુ, સમય વીતવાની સાથે વધુ મજબૂત બની જાય છે જેની પાછળ છે વર્ષોની ધીરજ અને પ્રકૃતિ પ્રત્યે ઊંડો આદર...

UNESCO

દેશની ધરોહર એવા મૂળ સેતુઓને યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ નેટવર્કમાં સામેલ કરાવવા માટે હવે ભારતે અરજી કરી છે.

> આજે સ્થાનિક લોકો 120થી વધુ મૂળ સેતુની દેખભાળ કરી રહ્યા છે. કેટલીક ટીમો દર વર્ષે આ સેતુઓની સ્થિતિની તપાસ કરે છે. કેટલાક લોકોએ આસપાસના વિસ્તારને મજબૂત બનાવવા માટે નર્સરી પણ તૈયાર કરી છે. આ રીતે તેમના સંરક્ષણ માટે એક આખું ઈકોસિસ્ટમ તૈયાર થઈ ગયું છે.
>
> – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



ન્યૂ ઈન્ડિયા

# સમાચાર

વર્ષ: 7, અંક: 03 | 1-15 ઓગસ્ટ, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ




**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**

https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

## અંદરના પાના પર...



80માં સ્વાતંત્ર્ય દિવસ વિશેષ
કવર સ્ટોરી




# 'રાષ્ટ્ર પ્રથમ'ના સંકલ્પ થી સશક્ત બનતું નવું ભારત


આ 15 ઓગસ્ટે જ્યારે દેશ પોતાનો 80મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવી રહ્યો છે, ત્યારે દરેક દેશવાસીના મનમાં એક જ સંકલ્પ ગુંજી રહ્યો છે... આઝાદીના 100મા વર્ષમાં વિકસિત ભારતની સિદ્ધિ. વીતેલા 12 વર્ષમાં આઝાદીની આ ઉજવણી બની છે વિકાસ યાત્રાનો મહોત્સવ... | 10-30

**પ્રધાનમંત્રીનો આલેખ**

ભારતની એકતા અને પ્રગતિ માટે
**સમર્પિત એક જીવન**



પીએમ મોદીએ ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરતા લખ્યો આલેખ | 6-8

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ : પ્રો. એમએસ સ્વામીનાથન
જેમણે દેશની ખાદ્ય સુરક્ષાને બનાવ્યું જીવનનું ધ્યેય | 9

સેમીકોન 2.0 અને મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ યોજનાને મંજૂરી
કેન્દ્રીય મંત્રીમંડળે લીધા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો | 31

દ્રઢ સંકલ્પ સાથે આગળ વધતું ભારત
પીએમ મોદીએ રાજસ્થાનને આપી વિકાસની ભેટ | 32-33

પ્રગતિ અને વ્યૂહાત્મક તાલમેલનો નવો અધ્યાય
જાપાનના પ્રથમ મહિલા પીએમ તકાઈચી સનાએની ભારત મુલાકાત | 36-37

વૈશ્વિક સંબંધોને નવી ઉડાન
પીએમ મોદીની ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની મુલાકાત | 38-41

ભારતીય મહિલા ક્રિકેટ : સ્વર્ણિમ ભવિષ્યનો દમદાર ઉદ્ઘોષ
લોર્ડ્સ મેદાનની પ્રથમ આંતરરાષ્ટ્રીય મહિલા ટેસ્ટ ક્રિકેટમાં ભારતની જીત | 42



**નેક્સ્ટ જેન ટેક ક્રાંતિ...**

**ભારતમાં સેમીકન્ડક્ટરનો નવો યુગ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સાણંદમાં સીજી સેમી આઉટસોર્સ સેમીકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) સુવિધાનું ઉદ્ઘાટન કર્યું | 34-35



પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

## 80માં સ્વતંત્રતા દિવસ વિશેષ : આત્મનિર્ભરતાથી સાકાર થઈ રહ્યું છે વિકસિત ભારતનું લક્ષ્ય

સાદર નમસ્કાર

15 ઓગસ્ટ 1947ના રોજ ભારત અંગ્રેજોની ચુંગાલમાંથી સ્વતંત્ર થયું, પરંતુ સાચા અર્થમાં 'સ્વ'નું તંત્ર વિકસાવવા માટે રાષ્ટ્રે દાયકાઓ સુધી સતત પ્રયાસો કરવા પડ્યા. હવે, જ્યારે ભારત પોતાનો 80મો સ્વતંત્રતા દિવસ ઉજવવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે એ સ્પષ્ટપણે દેખાય છે કે દેશે સંસ્થાનવાદી માનસિકતામાંથી મુક્તિની દિશામાં નોંધપાત્ર પગલાં ભર્યા છે. વીતેલા 12 વર્ષોમાં એવા અનેક પ્રયાસો થયા છે જેણે ભારતની આત્મનિર્ભર અને ગૌરવશાળી ઓળખને નવી ઊંચાઈ આપી છે.

નવા સંસદ ભવનનું નિર્માણ, રાજપથનું નામ બદલીને કર્તવ્ય પથ રાખવું, ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવી, નવા ગુનાહિત કાયદા લાવવા, નવો નૌકાદળ ધ્વજ અપનાવવો, રેલ બજેટને વાર્ષિક બજેટમાં સમાવી લેવું, બ્રિટિશ શાસનકાળમાં પ્રતિબંધિત સાહિત્યિક કૃતિઓનું પુનઃપ્રકાશન તથા બજેટ રજૂઆતમાં પરંપરાગત 'બહી ખાતા'નો ઉપયોગ કરવા જેવા પગલાંઓએ ભારતની સાંસ્કૃતિક ચેતનાને નવી ઓળખ આપી છે. બજેટ રજૂ કરવાના સમય અને તારીખમાં ફેરફાર પણ આ જ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ રહી છે. આ તમામ પ્રયાસો વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પ્રયત્નશીલ છે. ન્યૂ ઈન્ડિયા સમાચારનો આ વિશેષ અંક આ જ ભાવનાને સમર્પિત છે.

લોકશાહીની સુદ્રઢતાથી લઈને આર્થિક પ્રગતિ, સામાજિક ન્યાય, વિજ્ઞાન-ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા, સંરક્ષણ ક્ષેત્રે સશક્તિકરણ, આરોગ્ય સેવાઓનો વિસ્તાર, પાયાના માળખાનો કાયાકલ્પ, કૃષિ અને ગ્રામીણ વિકાસ, શિક્ષણ-કૌશલ્ય વિકાસ, નારી નેતૃત્વ, રમતગમત જગતની સિદ્ધિઓ, વિદેશ નીતિમાં વધતી વૈશ્વિક છાપ, પર્યાવરણ સંરક્ષણ તથા સાંસ્કૃતિક-આધ્યાત્મિક વારસાના સંવર્ધન સુધી, 80 પસંદ કરેલી સિદ્ધિઓ 80મા સ્વતંત્રતા દિવસ પર ભારતની એ યાત્રાને રેખાંકિત કરે છે જે ભૂતકાળના ગૌરવમાંથી પ્રેરણા લઈને ભવિષ્ય તરફ આગળ વધી રહી છે. આ અંક માત્ર વીતેલા 12 વર્ષની સ્મૃતિઓનો દસ્તાવેજ નથી, પરંતુ દરેક નાગરિક માટે એક આહ્વાન પણ છે કે આવો આપણે પોતાના રાષ્ટ્રના નિર્માણમાં સારથિ બનીએ.

આ ઉપરાંત વ્યક્તિત્વની કડીમાં દેશની ખાદ્ય સુરક્ષાને જીવનનું ધ્યેય બનાવનારા એમ.એસ. સ્વામીનાથન, ગુજરાત અને રાજસ્થાનને વિકાસની ભેટો સહિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પખવાડિયા દરમિયાનના કાર્યક્રમોને આમાં સામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ, સામયિકના અંદરના પેજ પર ધીરજ અને પ્રકૃતિ પ્રત્યે ઊંડો આદર દર્શાવતા મેઘાલય રૂટ બ્રિજ અને પાછળના કવર પર દર વર્ષે 7 ઓગસ્ટે ઉજવવામાં આવતા રાષ્ટ્રીય હાથવણાટ દિવસ પર વિશેષ સામગ્રી સમાવિષ્ટ છે.

આપ આપના સૂચનો અમને મોકલતા રહો.


धीरेन्द्र

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...






### સામાજિક વિકાસ સાથે જોડાયેલી વાર્તાઓનો એક ઉત્તમ તાલમેલ

'ન્યૂ ઈન્ડિયા સમાચાર'ની લેટેસ્ટ એડિશન શેર કરવા બદલ આભાર. મેં આ અંક ખૂબ જ રસપૂર્વક વાંચ્યો. તેના તંત્રીલેખમાં યોગને ભારતની સદીઓ જૂની સાંસ્કૃતિક વિરાસત અને એક ગ્લોબલ મુવમેન્ટ તરીકે તેના વિકાસને ખૂબ જ સુંદર રીતે દર્શાવવામાં આવ્યો છે. જે રીતે અહીં વ્યક્તિથી પરિવાર, સમાજ, દેશ અને છેવટે સમગ્ર માનવતા સુધીની સફરને જોડવામાં આવી છે, તે ખૂબ જ સમજદારીભરી અને પ્રેરણા આપનારી છે. આ અંકમાં સુશાસન, નીતિ, સામાજિક વિકાસ અને લોકો સાથે જોડાયેલી વાર્તાઓનો એક ઉત્તમ તાલમેલ છે.

vivek.pandey@timesofindia.com

### સમાજ હિતમાં કરવામાં આવી રહેલા કાર્યોની સમગ્ર પ્રામાણિક માહિતી

આ સામયિક વાસ્તવમાં દેશના વિકાસ કાર્યોનો સચોટ હિસાબ-કિતાબ છે. વહીવટીતંત્રની નીતિઓથી સામાન્ય જનતા અને લોકસેવકોને વાકેફ કરવા ખૂબ જરૂરી છે. આનાથી શાસન-પ્રશાસન દ્વારા સમાજ હિતમાં કરવામાં આવી રહેલા કાર્યોની સમગ્ર પ્રામાણિક માહિતી પ્રાપ્ત થાય છે. હું આ સામયિકના ઉજ્જવળ ભવિષ્યની કામના કરું છું.

કામતા પ્રસાદ પ્રજાપતિ

kvkpprajapati@gmail.com

### સરળ અને રસપ્રદ ભાષા

મારા મતે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિક નવા ભારતની પ્રગતિનો અરીસો છે. આ માત્ર સમાચારોનું સંકલન નથી, પરંતુ દેશના વિકાસની વાર્તાને સરળ અને રસપ્રદ ભાષામાં જણાવવાનું સશક્ત માધ્યમ છે. જુલાઈ 2026ના અંકની કવર સ્ટોરી સૌથી ખાસ છે. તેમાં નવા ભારતીય કાયદાના 2 વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ છે.

સંસ્થાનવાદી કાયદાઓને હટાવીને 'નાગરિક પ્રથમ'ના વિચારને અપનાવવો એ દર્શાવે છે કે ભારત ગુલામીની માનસિકતામાંથી મુક્ત થઈ ચૂક્યું છે. આ અંકમાં રાષ્ટ્રીય ગૌરવની ઘણી ક્ષણો છે. ડિજિટલ ઈન્ડિયાના 11 વર્ષ, જોજીલા સુરંગનું ઐતિહાસિક બ્રેક-થ્રુ અને 3 કરોડ 'લખપતિ દીદી'નું લક્ષ્ય પૂરું થવું. આ તમામ સિદ્ધિઓને તથ્યો સાથે ખૂબ સારી રીતે જણાવવામાં આવી છે. કુલ મળીને, આ સામયિક પ્રેરણાદાયી છે. આ વાંચીને દેશની તાકાત અને ભવિષ્યની દિશા સમજાય છે. મારું માનવું છે કે દરેક ભારતીય સુધી આ સામયિક પહોંચવું જોઈએ.

કમલ વર્મા

kmlksr0@gmail.com

### સુશાસન અને રાષ્ટ્ર-નિર્માણ વિશે વ્યાપક દ્રષ્ટિકોણ

વિનીતા સોરેનની પ્રેરણાદાયી યાત્રા, કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો, પ્રગતિ (PRAGATI), રોજગાર મેળો અને પ્રધાનમંત્રીના આંતરરાષ્ટ્રીય પ્રવાસોનું કવરેજ ખાસ કરીને પસંદ આવ્યું. આ તમામ મળીને વાચકોને આજના સુશાસન અને રાષ્ટ્ર-નિર્માણ વિશે એક વ્યાપક દ્રષ્ટિકોણ આપે છે. આટલી સારી રીતે તૈયાર કરવામાં આવેલા સામયિકને સતત લાવવા બદલ તમને અને સમગ્ર એડિટોરિયલ ટીમને અભિનંદન. હું આગળ પણ આવી જ માહિતીપ્રદ એડિશન વાંચવાની રાહ જોઈશ.

ashishprabhatmishra@gmail.com

### રાષ્ટ્રીય નીતિઓ પર આપવામાં આવેલી માહિતી ખૂબ ઉપયોગી

હું ન્યૂ ઈન્ડિયા સમાચાર સામયિકની નિયમિત વાચક છું. આ સામયિકમાં સરકારી યોજનાઓ અને રાષ્ટ્રીય નીતિઓ પર આપવામાં આવેલી માહિતી મને ખૂબ ઉપયોગી લાગે છે.

અનુષ્કા બર્દિયા

anushkabardiya@gmail.com


પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુઃ રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઈમેલ : response-nis@pib.gov.in

## સમાચાર સાર


# આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ...

ભારત શાંતિનો પક્ષધર છે પરંતુ ભારતીય સીમામાં અશાંતિ ફેલાવનારા કે નાગરિકોને નુકસાન પહોંચાડનારાઓને કોઈ પણ ભોગે છોડતું નથી. આતંકવાદ સામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી વર્તમાન સરકારની ઝીરો ટોલરન્સ પોલિસી હેઠળ ગૃહ મંત્રાલયે વધુ 23 વ્યક્તિઓને 'આતંકવાદી' ઘોષિત કર્યા છે. આ 23 આતંકવાદીઓમાંથી 17 પાકિસ્તાની અને 6 ભારતીય નાગરિક છે. આ તમામ પાકિસ્તાન અને PoJK થી આતંકી પ્રવૃત્તિઓને અંજામ આપી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું છે કે ભારત અને અહીંના લોકોની સુરક્ષા માટે દરેક આતંકી મોડ્યુલને ખતમ કરવા માટે સરકાર પ્રતિબદ્ધ છે. આ ઘોષિત આતંકવાદીઓ ભારત વિરોધી પ્રવૃત્તિઓ, આતંકી હુમલા, આતંકવાદને પ્રોત્સાહન આપવા, હથિયારોની તસ્કરી, સરહદ પારથી ઘૂસણખોરી, આતંકવાદી સંગઠનોને મદદ કરવા, ફંડ એકઠું કરવા અને આતંકવાદીઓની ભરતી કરવામાં સામેલ છે. સરકારનો આ નિર્ણય આતંકવાદીઓના ભંડોળ એકઠું કરવાના તંત્ર, અવરજવર, ભરતી ક્ષમતા અને આતંક સાથે જોડાયેલી પ્રવૃત્તિઓને રોકીને આતંકી ઈકોસિસ્ટમને ખતમ કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.



# વૃક્ષારોપણનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ






પર્યાવરણ સંરક્ષણ આજે દેશમાં જન-આંદોલનનું સ્વરૂપ લઈ ચૂક્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાન પર 'એક પેડ મા કે નામ' અભિયાને દેશભરના કરોડો નાગરિકોને પ્રકૃતિ સંરક્ષણના આ મહાયજ્ઞ સાથે જોડવાનું કાર્ય કર્યું છે. આ જ કડીમાં જુલાઈના પ્રથમ પખવાડિયામાં ગુજરાતના ગાંધીનગર લોકસભા ક્ષેત્રએ મિયાવાકી પદ્ધતિ હેઠળ એક કલાકમાં 3.61 લાખથી વધુ વૃક્ષારોપણ કરીને ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું છે.

ગાંધીનગરના નાગરિકોએ 'સાર્વજનિક વૃક્ષારોપણ અભિયાન' હેઠળ 1.26 કરોડથી વધુ છોડ વાવ્યા છે. જેમાંથી 404 જાહેર સ્થળો પર લગભગ 1.16 કરોડ છોડનું રોપણ કરવામાં આવ્યું, જ્યારે ક્ષેત્રના નાગરિકોએ પોતાના અંગત પરિસરમાં 11 લાખથી વધુ છોડ વાવ્યા છે.

# ઉત્તરાખંડ બન્યું દેશનું છઠ્ઠું પૂર્ણ સાક્ષર રાજ્ય

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અને ઉલ્લાસ-ન્યૂ ઈન્ડિયા સાક્ષરતા કાર્યક્રમ હેઠળ નક્કી કરાયેલા માપદંડોને પૂર્ણ કરીને ઉત્તરાખંડ દેશનું છઠ્ઠું પૂર્ણ સાક્ષર રાજ્ય બની ગયું છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા નિર્ધારિત સાક્ષરતા માપદંડોની પૂર્તિ બાદ 8 જુલાઈ 2026ના રોજ આ અંગેની ઘોષણા કરવામાં આવી હતી. મે, 2025માં મિઝોરમ સૌથી પહેલું પૂર્ણ સાક્ષર રાજ્ય બન્યું હતું. ત્યારબાદ ગોવા, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને સિક્કિમ પણ પૂર્ણ સાક્ષર રાજ્ય બન્યા છે. ઉત્તરાખંડે નવી નીતિ હેઠળ પૂર્ણ સાક્ષર રાજ્ય બનીને શૈક્ષણિક વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રાપ્ત કર્યું છે.



# ભારતીય ફળોનો સ્વાદ, બન્યો વિશ્વની પસંદ

ભારતના પ્રીમિયમ ફળોનો સ્વાદ હવે વિશ્વની પસંદ બની રહ્યો છે. આ જ કારણ છે કે ઉત્તરાખંડની લીચીનો જથ્થો ઈટાલી જ્યારે તેજપુરી લીચી દુબઈની પસંદ બની છે. ખેડૂતો માટે વધુ સારા ભાવ, નવા બજારો અને સમૃદ્ધ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કરવાનું કામ એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) કૃષિ ઉત્પાદનોની નિકાસની વ્યવસ્થા દ્વારા કરી રહી છે. આ જ કડીમાં જમ્મુ અને કાશ્મીરથી યુએઈ (UAE) માટે પ્રીમિયમ અરેકો ચેરી અને સેન્ટરોઝ પ્લમના પ્રથમ એક્સપોર્ટ શિપમેન્ટની વ્યવસ્થા પણ APEDA એ કરી. આ પ્રગતિ પ્રીમિયમ ભારતીય ફળોની વધતી આંતરરાષ્ટ્રીય માંગ દર્શાવે છે.

ભારતનો સ્વાદ હવે ખેતરોમાંથી ઉડાન ભરીને દુનિયાની થાળીમાં પહોંચી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરના શોપિયાં અને પુલવામાની પ્રીમિયમ અરેકો ચેરી અને સેન્ટરોઝ પ્લમનો પ્રથમ નિકાસ જથ્થો અબુ ધાબી અને દુબઈ માટે રવાના કરવામાં આવ્યો. આ સિદ્ધિ ભારતીય ફળોની વૈશ્વિક ઓળખને વધુ મજબૂત કરવાની સાથે જમ્મુ-કાશ્મીરના બાગાયત ક્ષેત્ર માટે નવા અવસરો લઈને આવી છે.



# આઈએનએસ મહેન્દ્રગિરિ... દરિયાઈ સીમાનો નવો રક્ષક

ભારતની 11,098 કિલોમીટર લાંબી તટરેખા, 24 લાખ ચોરસ કિલોમીટરનો વિશિષ્ટ આર્થિક વિસ્તાર અને દરિયાઈ વેપારી માર્ગોની સુરક્ષા નૌકાદળ સુનિશ્ચિત કરે છે. આ જ કારણ છે કે વર્તમાન કેન્દ્ર સરકાર નૌકાદળને આત્મનિર્ભર બનાવવા માંગે છે. આ જ કડીમાં 11 જુલાઈના રોજ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં ભારતીય નૌકાદળના બેડામાં ભારતમાં નિર્મિત ઉન્નત સ્ટીલ્થ ફ્રિગેટ 'આઈએનએસ મહેન્દ્રગિરિ' ને સામેલ કરવામાં આવ્યું.

આઈએનએસ મહેન્દ્રગિરિ અગ્રિમ પંક્તિનું વિશાળ યુદ્ધ જહાજ છે. તે સપાટીથી સપાટી અને મધ્યમ અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલોની સાથે સ્વદેશી રોકેટ અને ટોર્પિડો લોન્ચરથી સજ્જ છે. આ જહાજ વાયુ સંરક્ષણ, સબમરીન-વિરોધી યુદ્ધ અને નિરીક્ષણની સાથે-સાથે સહાયતા અને આપત્તિ રાહત અભિયાનોને પૂરા કરવામાં પણ સક્ષમ છે. આ યુદ્ધ જહાજ 75% થી વધુ સ્વદેશી સામગ્રી અને 200 થી વધુ ભારતીય ઉદ્યોગોના યોગદાનથી નિર્મિત છે. પૂર્વીય બેડામાં સામેલ થયા બાદ આ યુદ્ધ જહાજ હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની દરિયાઈ યુદ્ધ ક્ષમતા, ઓપરેશનલ પહોંચ અને ઉપસ્થિતિને નોંધપાત્ર રીતે મજબૂત કરશે.



ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી

# ભારતની એકતા અને પ્રગતિ માટે સમર્પિત એક જીવન

*ભારતની એકતાના સૂત્રધાર, અખંડ ભારતના પ્રણેતા, પ્રખર રાષ્ટ્રવાદી અને મહાન શિક્ષણશાસ્ત્રી ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતીને કેન્દ્ર સરકાર બે વર્ષના રાષ્ટ્રીય ઉત્સવ તરીકે ઉજવી રહી છે. વર્ષ 2025 માં 6 જુલાઈના રોજ આ ઉત્સવ શરૂ થયો હતો જે 6 જુલાઈ 2027 સુધી ચાલશે. આ વર્ષે તેમની જન્મજયંતીના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડૉ. મુખર્જીના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરતા એક લેખ લખ્યો. તેમણે જણાવ્યું કે કેવી રીતે સશક્ત અને આત્મનિર્ભર ભારતનું તેમનું વિઝન રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને નવી ઊર્જા આપી રહ્યું છે...*

રાષ્ટ્રવાદ અને નિઃસ્વાર્થ સેવાના આદર્શોમાં વિશ્વાસ રાખનારા કરોડો દેશવાસીઓ માટે 6 જુલાઈનો દિવસ ખૂબ જ વિશેષ છે જ્યારે આપણે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતી ઉજવી રહ્યા છીએ. તેમનું જીવન સાહસ અને મા ભારતી પ્રત્યેના અતૂટ સમર્પણનું પ્રેરણાદાયી ઉદાહરણ છે. ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના વ્યક્તિત્વમાં વિદ્વત્તા, જનસેવા અને ઉચ્ચ નૈતિક મૂલ્યોનો અદ્ભુત સંગમ હતો. આધુનિક ભારતના બહુ ઓછા નેતાઓમાં આ તમામ ગુણો એકસાથે જોવા મળે છે.

શ્યામા પ્રસાદજીનો જન્મ એવા પરિવારમાં થયો હતો, જ્યાં તેમને સુખ-સુવિધાઓથી ભરેલું જીવન સરળતાથી મળી શકતું હતું. તેમના પિતા સર આશુતોષ મુખર્જીની ગણના પોતાના સમયના મહાન શિક્ષણશાસ્ત્રીઓમાં થતી હતી. પરંતુ તમામ સુવિધાઓ હોવા છતાં શ્યામા પ્રસાદજીએ ત્યાગ અને રાષ્ટ્રસેવાનો માર્ગ પસંદ કર્યો. તેમનો દ્રઢ વિશ્વાસ હતો કે ભલે અંગ્રેજી શાસનનો વિરોધ હોય, કોમવાદ સામેની લડાઈ હોય કે માનવસર્જિત સંકટોનો સામનો હોય, તેઓ પોતાના સમયના આ પડકારો સામે મૂકપ્રેક્ષક બનીને રહી શકે નહીં. આ સફરમાં તેમણે અનેક ઊંડા અંગત દુઃખો પણ સહન કરવા પડ્યા. પહેલાં તેમણે પોતાના નાના બાળકને ગુમાવ્યું અને બાદમાં પત્નીનું પણ અવસાન થયું. પરંતુ આ દુઃખદ પરિસ્થિતિઓમાં પણ તેમણે પોતાની હિંમતને નબળી પડવા દીધી નહીં. તેમનો સંકલ્પ વધુ મજબૂત થયો, રાષ્ટ્રસેવા પ્રત્યેનું સમર્પણ વધુ ઊંડું થતું ગયું.

ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જીવનનો સૌથી મોટો ઉદ્દેશ્ય ભારતની એકતા અને અખંડિતતાની રક્ષા કરવાનો હતો. દેશના વિભાજન સમયે તેમણે પશ્ચિમ બંગાળને ભારતનો અવિભાજ્ય અંગ બનાવી રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. થોડા વર્ષો પછી આ જ ઉદ્દેશ્યથી તેમણે જમ્મુ-કાશ્મીરના મુદ્દા પર પણ સંઘર્ષ કર્યો. જેલ અને નજરકેદ પણ તેમને માર્ગથી ડગાવી શક્યા નહીં. જ્યારે નજરકેદ દરમિયાન તેમનું અવસાન થયું, ત્યારે તેઓ એ અગણિત લોકોથી ખૂબ દૂર હતા, જેના માટે તેઓ આજીવન સંઘર્ષ કરતા રહ્યા. ઈતિહાસમાં એવી કેટલીક ક્ષણો આવે છે, જ્યારે કોઈ વ્યક્તિનું સર્વોચ્ચ બલિદાન રાજકારણથી ઉપર ઊઠીને દેશની સ્મૃતિનો હિસ્સો બની જાય છે. ડૉ. મુખર્જીનું બલિદાન પણ એવું જ હતું. આચાર્ય વિનોબા ભાવેએ કહ્યું હતું કે ડૉ. મુખર્જીએ એ ઉદ્દેશ્ય માટે પોતાનું બલિદાન આપ્યું, જેના પર તેમને પૂર્ણ વિશ્વાસ હતો. દાયકાઓ પછી, વર્ષ 2019માં અનુચ્છેદ 370 અને 35(A) હટાવવી

એ તેમના પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ હતી.

ડૉ. મુખર્જીએ હંમેશા રાષ્ટ્રહિત અને ભારતીય મૂલ્યોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી. આ માટે તેમણે મજબૂત સંસ્થાઓનું નિર્માણ કર્યું અને એવી વ્યવસ્થાઓ બનાવી, જે તે સમયના વિચારો કરતાં ઘણી આગળ હતી. તેઓ કોલકાતા વિશ્વવિદ્યાલયના સૌથી યુવા કુલપતિ બન્યા. તેમણે શિક્ષણ વ્યવસ્થામાં એવા ફેરફારો કર્યા, જે રાષ્ટ્રહિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ હતા. શિક્ષણશાસ્ત્રીઓના એક સંમેલનમાં ડૉ. મુખર્જીએ કહ્યું હતું, "શિક્ષણ સંસ્થાઓને માત્ર બાબુ કે ઓછો પગાર ધરાવતા કર્મચારીઓ તૈયાર કરવાની ફેક્ટરી સમજવી ખોટી છે. આપણે વિદ્યાર્થીઓને એવા તૈયાર કરવા પડશે જેથી તેઓ નેતૃત્વની ભૂમિકા ભજવી શકે. આપણી સ્વશાસી સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશન્સ, પ્રાંતીય અને કેન્દ્રીય ધારાસભાઓમાં મોટી જવાબદારી નિભાવવા માટે તૈયાર થઈ શકે. આ સાથે જ તેઓ નાણાં, વેપાર અને ઉદ્યોગ જેવા ક્ષેત્રોમાં પણ પોતાની પ્રતિભા દર્શાવી શકે."

કોલકાતા વિશ્વવિદ્યાલયમાં પોતાના નેતૃત્વ હેઠળ તેમણે ઘણા મહત્વપૂર્ણ કાર્યો કર્યા. જેમાં લાઈબ્રેરીની સુવિધાઓમાં સુધારો, વિજ્ઞાનમાં રિસર્ચને પ્રોત્સાહન આપવું, ઐતિહાસિક વસ્તુઓના અભ્યાસને પ્રોત્સાહિત કરવો અને કૃષિ સાથે જોડાયેલા અભ્યાસક્રમો શરૂ કરવાનો સમાવેશ થતો હતો. તેમણે રમતગમત, ટીચર્સ ટ્રેનિંગ અને સ્ટુડન્ટ વેલફેર જેવા ક્ષેત્રો પર પણ વિશેષ ધ્યાન આપ્યું. વિદ્યાર્થીઓમાં પોતાની યુનિવર્સિટી પ્રત્યે ગૌરવની ભાવના વિકસિત થાય, તે માટે તેમણે 24 જાન્યુઆરીના રોજ વિશ્વવિદ્યાલયનો સ્થાપના દિવસ ઉજવવાની પરંપરા શરૂ કરી. તેમણે ગુરુદેવ ટાગોરને વિશ્વવિદ્યાલય માટે એક ગીત લખવા વિનંતી પણ કરી હતી.

તેમના જીવનના અંતિમ વર્ષોમાં આ ભાવનાનું વધુ એક ઉદાહરણ ત્યારે જોવા મળ્યું, જ્યારે તેમણે ભારતીય જનસંઘ બનાવવાનો નિર્ણય લીધો. તે સમયે દેશમાં ચારેય બાજુ કોંગ્રેસ પાર્ટીનો જ દબદબો હતો. એવામાં તેમણે અનુભવ્યું કે દેશને એક એવા નવા વિકલ્પની ખૂબ જરૂર છે, જે ભારતની પ્રગતિની વાત પણ કરે અને આપણા સાંસ્કૃતિક મૂળ સાથે પણ જોડાયેલો રહે. કદાચ આ જ બાબતને ધ્યાનમાં રાખીને પાર્ટીનું ચૂંટણી પ્રતીક 'દીપક' એટલે કે માટીનો દીવો રાખવામાં આવ્યો હતો. એક એકલો દીવો જોવામાં ભલે નાનો લાગે, પરંતુ તેમાં પોતાની આસપાસના ઊંડામાં ઊંડા અંધકારને દૂર કરવાની અદ્ભુત શક્તિ હોય છે. જનસંઘે પોતાના સક્રિય કાળમાં અને ત્યારબાદ પણ બિલકુલ આ જ કર્યું.

ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીનો ભારતના પ્રથમ ઉદ્યોગ અને પુરવઠા મંત્રી તરીકેનો કાર્યકાળ અત્યંત મહત્વપૂર્ણ રહ્યો. તેમને એક એવા રાજનેતા તરીકે યાદ કરવામાં આવે છે, જેમનું વિઝન ખૂબ જ વિરાટ હતું. તેઓ ઉદ્યોગને નવા-નવા આઝાદ થયેલા ભારતના લોકોમાં સન્માન, અવસર અને



આત્મવિશ્વાસનો સંચાર કરવાનું સશક્ત માધ્યમ માનતા હતા. તેઓ વેલ્થ અને વેલ્યુ ક્રિએશનના મહત્વને સારી રીતે સમજતા હતા. તેમણે દામોદર વેલી કોર્પોરેશન, સિંદરી ખાતર પ્લાન્ટ અને મજબૂત ઔદ્યોગિક નીતિ જેવી ઐતિહાસિક પહેલ કરી. આના માધ્યમથી આધુનિક ઔદ્યોગિક ભારતનો પાયો નાખ્યો. આ સાથે જ તેમણે એ પણ સુનિશ્ચિત કર્યું કે ભારતના પરંપરાગત સામર્થ્યની ક્યારેય અપેક્ષા ન થાય. તેઓ હાથવણાટ, કુટીર ઉદ્યોગ, કારીગરો અને કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલા શ્રમિકોના હિતોના પણ પ્રબળ સમર્થક હતા.

અહીં હું મારો એક અંગત અનુભવ પણ રજૂ કરવા માંગુ છું. આત્મનિર્ભર ભારતના સ્પષ્ટ વિઝન સાથે જે સિંદરી પ્લાન્ટની સ્થાપના માટે ડૉ. મુખર્જીએ અથાગ પ્રયાસો કર્યા હતા, તેની દાયકાઓ સુધી સત્તામાં રહેલા લોકોએ ઘોર અપેક્ષા કરી. મને એ વાતનો સંતોષ છે કે આપણી સરકારને તેના પુનરુદ્ધારનું સૌભાગ્ય મળ્યું. તે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું એ મારા સાર્વજનિક જીવનની સૌથી ખાસ અને અવિસ્મરણીય ક્ષણોમાંથી એક બની ગયું.




ભારતની પ્રાચીન પરંપરા સદીઓથી સંવાદ અને વિચાર-વિમર્શ નું સન્માન કરતી આવી છે. ડૉ. મુખર્જી આ લોકશાહી ભાવનાના સશક્ત પ્રતીક હતા. તેમણે પંડિત નેહરુના મંત્રીમંડળમાં સામેલ થવાનું એટલા માટે સ્વીકાર્યું, કારણ કે તેઓ માનતા હતા કે દેશની આઝાદીના પ્રારંભિક વર્ષોમાં રાષ્ટ્ર નિર્માણની જવાબદારી રાજકીય મતભેદો કરતાં ઘણી ઉપર છે. તેમણે પૂર્ણ નિષ્ઠા અને રચનાત્મક દ્રષ્ટિકોણ સાથે પોતાની જવાબદારીઓ નિભાવી. પરંતુ જ્યારે તેમને લાગ્યું કે રાષ્ટ્રીય મહત્વના કેટલાક પ્રશ્નો પર દેશહિતમાં અલગ માર્ગ અપનાવવો આવશ્યક છે, તો તેમણે પૂર્ણ ગરિમા સાથે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. આ પછી તેમણે પોતાનું સમગ્ર જીવન એ રાજકીય લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સમર્પિત કરી દીધું, જેને તેઓ રાષ્ટ્ર માટે આવશ્યક માનતા હતા.

75 વર્ષ પહેલાં પંડિત નેહરુ પ્રથમ બંધારણીય સુધારો લઈને આવ્યા. આને અભિવ્યક્તિની આઝાદી પર સીધો પ્રહાર માનવામાં આવ્યો. ત્યારે ડૉ. મુખર્જી તેના સૌથી પ્રબળ આલોચક રહ્યા હતા. તેઓ સારી રીતે સમજી ચૂક્યા હતા કે કોંગ્રેસ કઈ હદ સુધી જઈ શકે છે. સમયની સાથે તેમની આ આશંકા સાચી સાબિત થઈ. જે પાર્ટી 75 વર્ષ પહેલાં પ્રથમ બંધારણીય સુધારો લઈને આવી હતી, તેણે જ 1975માં દેશ પર કટોકટી લાદી હતી. એટલું જ નહીં, 50 વર્ષ પહેલાં 42મો બંધારણીય સુધારા અધિનિયમ લાવીને ફરી એકવાર લોકશાહી મૂલ્યોના પાયા પર ઘા કર્યો હતો.

ડૉ. મુખર્જી પોતાની માનવીય સંવેદનાઓ અને સેવાભાવ માટે પણ વિશેષ રૂપે ઓળખાય છે. વર્ષ 1943માં જ્યારે બંગાળ ભીષણ દુષ્કાળની દુર્ઘટનાથી ઝઝૂમી રહ્યું હતું, ત્યારે તેમણે પીડિતોની સેવામાં પોતાને પૂરેપૂરા સમર્પિત કરી દીધા હતા. તેમણે એ પણ સુનિશ્ચિત કર્યું કે લોકોને ભોજન મળી શકે, જેના માટે ઘણી કેન્ટીન અને રાહત કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. એક તરફ તેઓ લોકોની પીડાથી ખૂબ વ્યથિત હતા, તો બીજી તરફ બ્રિટિશ હુકૂમતની અસંવેદનશીલતાથી અત્યંત આક્રોશિત પણ હતા. તેમણે પોતાની પીડા વ્યક્ત કરવા માટે પંચાશોર મન્વંતર નામનું એક પુસ્તક પણ લખ્યું. 1942માં જ્યારે મેદિનીપુરમાં ભીષણ વાવાઝોડું આવ્યું, ત્યારે તેમણે પ્રભાવિત વિસ્તારોમાં રાહત કાર્યોનું નેતૃત્વ કર્યું હતું.

કોલકાતાની એક કોલેજમાં યુવાનોને સંબોધિત કરતી વખતે ડૉ. મુખર્જીએ તેમને વિનંતી કરી હતી, "તમે જે પણ કાર્ય કરો, તેને પૂરી ગંભીરતા, લગન અને પ્રામાણિકતાથી કરો. કોઈ પણ કામને ક્યારેય અધૂરું ન છોડો. ત્યાં સુધી પોતાને સંતુષ્ટ ન માનો, જ્યાં સુધી તમે તેમાં તમારું સર્વશ્રેષ્ઠ યોગદાન ન આપી દીધું હોય." આજે આપણો દેશ વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. એવામાં તેમના પ્રત્યે આપણી સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે આપણે દરરોજ એ ભારતના નિર્માણની દિશામાં સતત પ્રયાસ કરીએ, જેની તેમણે પરિકલ્પના કરી હતી. એક એવું ભારત જે સશક્ત હોય, એકજૂથ હોય, આત્મવિશ્વાસથી સભર અને સંવેદનશીલ હોય. દેશના યુવાનો પર મને પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ આ લક્ષ્યને પૂરું કરવા માટે ઉત્સાહથી ભાગીદારી કરશે અને આ સંકલ્પને સાકાર કરવા માટે પૂરી ઊર્જા સાથે એક થશે. ■





# જેમણે દેશની ખાદ્ય સુરક્ષાને બનાવ્યો જીવનનો ધ્યેય

***કેટલાક વ્યક્તિત્વ એવા હોય છે, જેમનું પ્રદાન કોઈ એક કાળખંડ કે એક ભૂ-ભાગ પૂરતું સીમિત નથી રહેતું. પ્રોફેસર એમ. એસ. સ્વામીનાથન આવા જ એક મહાન વૈજ્ઞાનિક અને મા ભારતીના સપૂત હતા. તેમણે વિજ્ઞાનને જનસેવાનું માધ્યમ અને ખાદ્ય સુરક્ષાને પોતાના જીવનનું ધ્યેય બનાવી લીધું. તેમણે એ ચેતના જાગ્રત કરી, જે સદીઓ સુધી ભારતની નીતિ અને પ્રાથમિકતાઓને દિશા આપતી રહેશે...***

**■ જન્મ : 7 ઓગસ્ટ 1925 ■ મૃત્યુ : 28 સપ્ટેમ્બર 2023**

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન 1943માં બંગાળમાં ભયાનક દુષ્કાળ પડ્યો હતો. આ સમયગાળા દરમિયાન દેશ ખોરાકની અછત સામે ઝૂઝી રહ્યો હતો. આ પરિસ્થિતિએ એક યુવાનને હચમચાવી મુક્યો. આ યુવાને નક્કી કર્યું કે દેશમાં ખાદ્ય અછત હોવી જોઈએ નહીં. આવામાં તેમણે કૃષિનો અભ્યાસ શરૂ કર્યો. આ યુવાન બીજું કોઈ નહીં પણ એમ. એસ. સ્વામીનાથન હતા, જેમને દેશમાં હરિયાળી ક્રાંતિના અગ્રદૂત માનવામાં આવે છે. આ એ જ સ્વામીનાથન છે જેમણે 1960-70ના દશકમાં ઘઉં અને ડાંગરના પાકની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવાના પોતાના ઐતિહાસિક કાર્ય દ્વારા લાખો લોકોને ભૂખમરાથી બચાવી લીધા. સાથે જ ભારતને અનાજ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાનું અભિયાન ચલાવનારા ડૉ. સ્વામીનાથને ખેતીમાં રસાયણોના વધતા ઉપયોગ અને મોનોકલ્ચર ખેતીના જોખમો વિશે ખેડૂતોને સતત જાગરૂક કર્યા.

7 ઓગસ્ટ 1925ના રોજ તમિલનાડુના કુંભકોણમમાં જન્મેલા સ્વામીનાથનનું પૂરું નામ ડૉ. મનકોમ્બુ સામ્બશિવન સ્વામીનાથન હતું. તેમણે આર્થિક વિકાસ માટેની વ્યૂહરચનાઓ વિકસાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે પોતાના છેલ્લા શ્વાસ સુધી કામ કર્યું, જેનો હેતુ સીધો ગરીબ ખેડૂતો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓના રોજગારમાં વધારો કરવાનો હતો. તેમણે વર્ષ 1988માં એમ. એસ. સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરી. આટલું જ નહીં, પ્રોફેસર સ્વામીનાથને ભારતમાં અનેક અગ્રણી પદો નવીનતા અને સર્જનાત્મકતા સાથે સંભાળ્યા. તેમની સૌથી મહત્વપૂર્ણ ભૂમિકાઓમાંથી એક 2004માં આવી, જ્યારે તેમની રાષ્ટ્રીય કિસાન આયોગના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી. પ્રોફેસર સ્વામીનાથને ઓલ ઈન્ડિયા એગ્રીકલ્ચરલ રિસર્ચ સર્વિસ (ARS) ના નિર્માણમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

વધુ ઉંમર હોવા છતાં, સ્વામીનાથન કૃષિ ક્ષેત્રે સંશોધન અને સહયોગ કરવામાં સક્રિય રહ્યા. તેમણે પોતાના લખાણ, જાહેર પ્રવચનોની સાથે અનેક મંચો અને પરિષદોમાં ભાગ લઈને ગ્રામીણ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ટકાઉ કૃષિ પર ચર્ચામાં યોગદાન આપ્યું. પ્રોફેસર સ્વામીનાથને કૃષિ વિકાસ, સંશોધન અને નીતિગત સમર્થન માટે સમર્પિત સંસ્થાઓની સ્થાપના અને સંચાલનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. 98 વર્ષની વયે 28 સપ્ટેમ્બર 2023ના રોજ એમ. એસ. સ્વામીનાથનનું અવસાન થયું.

અનેક સન્માનોથી સન્માનિત સ્વામીનાથનને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2024માં 'ભારત રત્ન' આપવાની જાહેરાત કરી. પીએમ મોદીએ કહ્યું કે સ્વામીનાથને પડકારજનક સમયમાં ભારત દ્વારા કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભરતા મેળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. ભારતીય કૃષિને આધુનિક બનાવવાની દિશામાં ઉત્કૃષ્ટ પ્રયાસો કર્યા. ડૉ. સ્વામીનાથનના દૂરદર્શી નેતૃત્વએ માત્ર ભારતીય કૃષિને જ બદલી નથી, પરંતુ દેશની ખાદ્ય સુરક્ષા અને સમૃદ્ધિ પણ સુનિશ્ચિત કરી છે. તે એક એવા વ્યક્તિ હતા, જેમને હું ખૂબ જ નજીકથી જાણતો હતો. મેં હંમેશા તેમના દ્રષ્ટિકોણ અને વિચારોનું સન્માન કર્યું છે. ■



# 'રાષ્ટ્ર પ્રથમ'ના સંકલ્પ થી સશક્ત બનતું નવું ભારત

*15 ઓગસ્ટે જ્યારે દેશ પોતાનો 80મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યો છે, ત્યારે દરેક ભારતીયના મનમાં એક જ સંકલ્પ ગુંજી રહ્યો છે... આઝાદીના 100મા વર્ષમાં વિકસિત ભારતની સિદ્ધિ. સ્વતંત્રતા દિવસ હવે માત્ર એક આયોજન નથી, આ એ મહાપુરુષોને સમર્પિત છે જેમણે આઝાદી માટે સંઘર્ષ કર્યો, બલિદાન આપ્યું અને સ્વપ્નોના ભારત માટે સ્વયંને સમર્પિત કરી દીધા. વીતેલા 12 વર્ષમાં આઝાદીની આ ઉજવણી વિકાસ યાત્રાના મહોત્સવમાં બદલાઈ ગઈ છે. કેન્દ્ર સરકારે એક મજબૂત પાયા પર ભારતના નવનિર્માણને નવી દિશા આપી છે, જેથી 2047માં શતાબ્દી વર્ષ પર ભારત વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્રોની હરોળમાં ઊભું રહી શકે...*

લાલ કિલ્લા પરથી લહેરાતો ત્રિરંગો એ અમર સેનાનીઓ, મહિલાઓ અને પુરુષોને શ્રદ્ધાંજલિ છે, જેમણે સ્વતંત્રતા સંગ્રામમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરી દીધા. આ બંધારણ સભાના એ સન્માનિત સભ્યોને યાદ કરવાનો પણ દિવસ છે, જેમણે બંધારણના માધ્યમથી દરેક ભારતીયને ગર્વ કરવા યોગ્ય મૂળભૂત અધિકારો અને શક્તિ પ્રદાન કરી. આ આત્મનિરીક્ષણની પણ તક છે. ગૌરવશાળી ભૂતકાળને જાળવી રાખવાનો, એ સમજવાનો પણ કે સ્વાધીનતાનો સાચો અર્થ શું છે, વીતેલા આઠ દાયકામાં દેશ કઈ દિશામાં આગળ વધ્યો છે અને આવનારા વર્ષોમાં એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે આપણે શું કરવાનું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શબ્દોમાં, "મારી 'ભારતની વિભાવના' માત્ર સહિષ્ણુતા પર આધારિત નથી, પરંતુ તે વિચારોની વિવિધતા નો પ્રસન્નતાપૂર્વક



સમાવેશ કરે છે. તેનો કેન્દ્રીય સિદ્ધાંત સત્ય, શાંતિ અને અહિંસાથી સર્જાય છે. હું એક એવા ભારત માટે પ્રતિબદ્ધ છું જ્યાં ન્યાયનું ચક્ર - વર્ગ, જ્ઞાતિ કે પંથથી પ્રભાવિત થયા વિના દરેક નાગરિક માટે સમાન રીતે ફરે." આ જ વિચારસરણી સાથે, સમૃદ્ધ ભારત, સશક્ત જનજીવન, વ્યાપક જનભાગીદારી અને લોકતાંત્રિક મૂલ્યોના સંકલ્પને લઈને કેન્દ્ર સરકાર લાંબા ગાળાના વિઝન સાથે આગળ વધી રહી છે.

વર્ષ 2014માં દેશના જનમાનસમાં માત્ર બદલાવ જ ન આવ્યો, પરંતુ ઘણી નવી પરંપરાઓનો પણ ઉદય થયો. પ્રધાનમંત્રી મોદીએ સામાન્ય બજેટને એક મહિનો વહેલું રજૂ કરીને અને 'ગિવ ઈટ અપ' જેવા જનઆંદોલનોનો પાયો નાખીને આઝાદીની ઉજવણીના નવા ધોરણો સ્થાપિત કર્યા. 2014ના પોતાના પ્રથમ સંબોધનમાં જ તેમણે લાલ કિલ્લા પરથી સ્વચ્છતા અને દરેક ઘરે શૌચાલયનું બીડું ઝડપ્યું. તેને સાચા અર્થમાં જનઆંદોલન બનાવી દીધું. આ જ મંચ પરથી 'મેક ઈન ઈન્ડિયા'નું આહ્વાન થયું, જેને પાછળથી મેન્યુફેક્ચરિંગ પર વધુ ભાર આપતા 'મેક ઈન ઈન્ડિયા 2.0' તરીકે વિસ્તાર આપવામાં આવ્યો. ગરીબોને નાણાકીય પ્રવાહ સાથે જોડવા માટે પ્રધાનમંત્રી જન-ધન યોજના શરૂ થઈ અને જનધન-આધાર-મોબાઈલની ત્રિમૂર્તિએ સીધા ખાતામાં લાભ પહોંચાડતા સુશાસનનો માર્ગ પ્રશસ્ત કર્યો.

2015માં સ્વતંત્રતા દિવસના સંબોધનમાં જ સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયાની જાહેરાત થઈ, આજે સવા બે લાખથી વધુ સ્ટાર્ટઅપ સાથે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બની ચૂક્યું છે. 2016માં શરૂ થયેલી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાએ લગભગ 11 કરોડ પરિવારોને ધુમાડા-મુક્ત રસોડું આપ્યું. આઝાદીના 70 વર્ષ પછી પણ અંધારામાં ડૂબેલા 18,000 ગામડાઓ સુધી વીજળી પહોંચાડવામાં આવી. 4 કરોડથી વધુ ઘર આપીને પ્રધાનમંત્રીના 'હાઉસિંગ ફોર ઓલ'ના સ્વપ્નને સાકાર કરવામાં આવી રહ્યું છે. 2015માં નીચેના ગ્રેડની ભરતીઓમાં ઈન્ટરવ્યુ નાબૂદ કરવાની જાહેરાત થઈ.

આઝાદીના સાત દાયકા પછી પણ માત્ર ત્રણ કરોડ ગ્રામીણ ઘરોમાં નળ જોડાણ હતા અને મોટી વસ્તી દૂષિત પાણીથી થતા રોગો સામે ઝૂઝી રહી હતી. આ પડકારના ઉકેલ માટે 15 ઓગસ્ટ 2019ના રોજ લાલ કિલ્લા પરથી જ દરેક ઘરે નળથી જળ પહોંચાડવાનો લેવાયેલો સંકલ્પ આજે સાકાર થઈ રહ્યો છે. ભારતને 2047 સુધીમાં ઊર્જા-સંપન્ન રાષ્ટ્ર બનાવવાના લક્ષ્ય સાથે 15 ઓગસ્ટ 2021ના રોજ નેશનલ હાઈડ્રોજન મિશનની જાહેરાત પણ આ જ ઐતિહાસિક કિલ્લા પરથી થઈ હતી. આવી યોજનાઓની યાદી ખૂબ લાંબી છે, જે લાલ કિલ્લા પરથી ઘોષિત થઈને આજે નવા ભારતના નવનિર્માણનો આધારસ્તંભ બની ચૂકી છે.

આ વર્ષ નિશ્ચિતપણે ભારત માટે ગર્વનું છે, તો સંકલ્પોથી સજ્જ આ ભારતને સશક્ત બનાવવાની જવાબદારી પણ દરેક નાગરિકની છે. સત્તા સંભાળતા જ પ્રધાનમંત્રી મોદીએ આહ્વાન કર્યું હતું, "આવો આપણે આપણા દેશ અને દેશવાસીઓમાં વિશ્વાસ રાખીએ અને મહાન નેતાઓના ત્યાગ તથા બલિદાનનું સન્માન કરતા તેમના માર્ગ પર આગળ વધીએ. આવો આપણે સ્વયંને રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્ર સાથે સમર્પિત કરીએ."

આવો, 80મા સ્વતંત્રતા દિવસના અવસરે જાણીએ, વીતેલા 12 વર્ષોની એ 80 મોટી ઉપલબ્ધિઓને. જેમણે નવા ભારતને નવી દિશા અને નવી ગતિ આપી છે. સાથે જ, આગામી 20 વર્ષની વિકાસ યાત્રાનો સશક્ત આધાર રાખ્યો...

# 1 લોકતંત્ર, સુશાસન અને ઐતિહાસિક નિર્ણયો

*સ્વતંત્રતા દિવસનું આયોજન હવે માત્ર એક ઉજવણીની તારીખ નથી, પરંતુ બની ગયું છે દેશની વિકાસ યાત્રાનો ઉત્સવ અને સંકલ્પ...*



**1** જમ્મુ-કાશ્મીરને અનુચ્છેદ 370 અને 35Aમાંથી મુક્તિ, 5 ઓગસ્ટ 2019ના રોજ ભારતનું બંધારણ સંપૂર્ણપણે લાગુ કરવામાં આવ્યું. જમ્મુ-કાશ્મીર અને લદાખમાં પ્રગતિ, સમૃદ્ધિ અને શાંતિના નવા યુગની શરૂઆત થઈ.

**2 અમૃત મહોત્સવ**



લગભગ **2.25** લાખ

નાના-મોટા કાર્યક્રમો યોજાયા. આ શ્રેણીમાં સરેરાશ દર કલાકે 9-10 કાર્યક્રમો યોજાયા. આ પોતાનામાં જ એક અદ્વિતીય કેસ સ્ટડી છે, જેમાં માત્ર સમગ્ર સરકાર જ નહીં, પરંતુ સમગ્ર સમાજનો દ્રષ્ટિકોણ અપનાવવામાં આવ્યો.

**3**

સ્વ-પ્રમાણનનો અધિકાર આપવામાં આવ્યો. ગ્રુપ ડી અને સી ની નોન-ગેઝેટેડ નોકરીઓમાં ઈન્ટરવ્યુ નાબૂદ કરવામાં આવ્યા.



**4**

1 ઓગસ્ટ 2019ના રોજ ટ્રિપલ તલાકના કુરિવાજને નાબૂદ કરતો કાયદો લાગુ કરવામાં આવ્યો, જેનાથી તલાકની ઘટનાઓમાં

**82%**

થી વધુનો ઘટાડો થયો છે

**5**

## નારી શક્તિ વંદન અધિનિયમ

- સપ્ટેમ્બર 2023માં સંસદે 'નારી શક્તિ વંદન અધિનિયમ' પસાર કર્યો, જે ધારાકીય સંસ્થાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું હતું.
- આ અધિનિયમમાં લોકસભા અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી સહિત રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતીયાંશ બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી.





## 6

25 ડિસેમ્બર, 2023ના રોજ ભારતીય ન્યાય સંહિતા-2023, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023 અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-2023ને ભારતના રાજપત્રમાં અધિસૂચિત કરવામાં આવ્યા. 1 જુલાઈ 2024થી લાગુ ભારતીય ન્યાય સંહિતા હેઠળ જૂન 2026 સુધીમાં 75 લાખ એફઆઈઆર નોંધાઈ, લગભગ 60 લાખમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી, જાતીય અપરાધોમાં ચાર્જશીટ પાલન દર 2018ની સરખામણીએ લગભગ બમણો થયો.




## 7

વર્ષ 2017માં જીએસટી લાગુ કરીને 'એક રાષ્ટ્ર, એક કર'ની વ્યવસ્થા કરવામાં આવી. જીએસટી કરદાતાઓની સંખ્યા 2017માં 66.5 લાખથી વધીને મે 2026 સુધીમાં 1.65 કરોડ થઈ ગઈ. નોંધપાત્ર જીએસટી સંગ્રહ થઈ રહ્યો છે. જીએસટી 2.0 એ ગ્રાહકોની બચતનો વ્યાપ વધાર્યો.

## 9

**176 કરોડ**

**લાભાર્થીઓને ડીબીટીના માધ્યમથી જૂન 2026 સુધીમાં 51 લાખ કરોડ રૂપિયાથી વધુ આપવામાં આવ્યા. સબસિડી વિતરણમાં પારદર્શિતા લાવીને વચેટિયાઓની ભૂમિકા નાબૂદ કરવામાં આવી.**



## 8


# ઐતિહાસિક પહેલ અને નિર્ણય


પરીક્ષા પે ચર્ચા


રાષ્ટ્રીય વોર મેમોરિયલ


પ્રધાનમંત્રી સંગ્રહાલય


સ્ટેચ્યુ ઓફ યુનિટી


વન નેશન વન રાશન કાર્ડ

# 2 અર્થતંત્ર અને નાણાકીય સમાવેશન

*અર્થતંત્રના પ્રગતિ દરમાં નોંધનીય વધારો અને આજે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બન્યું. આ સમાવેશક વિકાસનો લાભ સીધો સામાન્ય નાગરિકોને મળી રહ્યો છે અને જન-જનને મળ્યું છે સુરક્ષાનું ચક્ર...*

## 10



**58.63 કરોડથી**

વધુ લોકોના 1 જુલાઈ 2026 સુધીમાં જન ધન યોજના હેઠળ બેંક ખાતા ખોલવામાં આવ્યા છે, આ ખાતાઓમાં 3.08 લાખ કરોડ રૂપિયા જમા છે.

## 11



**24,162 કરોડથી**

વધુ થઈ ગઈ છે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) વ્યવહારોની સંખ્યા નાણાકીય વર્ષ 2025-26માં, નાણાકીય વર્ષ 2016-17માં આ સંખ્યા 2 કરોડ હતી. યુપીઆઈની વૈશ્વિક પહોંચ હવે નવ દેશો સુધી વિસ્તરી છે. ડિજિટલ ચૂકવણી ક્ષેત્રે ક્રાંતિ આવી અને ભારત આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ્સમાં અગ્રેસર બન્યું.

## 12

**2.41** લાખ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ 1 જુલાઈ 2026 સુધીમાં, જ્યારે વર્ષ 2014માં આ સંખ્યા માત્ર 350 હતી. યુનિકોર્નની સંખ્યા 125 પર પહોંચી છે. ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ દ્વારા લગભગ 25 લાખ રોજગારનું સર્જન થયું છે. ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ બન્યું છે.

## 13



**5.5 લાખ કરોડ રૂપિયાનું**

મોબાઈલ ઉત્પાદન વર્ષ 2026માં થયું, જે વર્ષ 2014માં માત્ર 18 હજાર કરોડ રૂપિયા હતું. વર્ષ 2026માં 2.6 લાખ કરોડ રૂપિયાના મોબાઈલ ફોનની નિકાસ થઈ, જે વર્ષ 2014માં માત્ર 1,600 કરોડ રૂપિયા હતી.

## 14

**1.91 લાખ કરોડ રૂપિયાનું**

બજેટ ઉત્પાદન સાથે જોડાયેલી યોજના (PLI) માટે રાખવામાં આવ્યું છે. ડિસેમ્બર 2025 સુધીમાં 14 ક્ષેત્રોના ઉદ્યોગો માટે 836 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. 31 ડિસેમ્બર 2025 સુધીમાં 28,748 કરોડ રૂપિયા વિતરિત કરવામાં આવ્યા છે.





15

**57** કરોડથી

વધુ લોન મુદ્રા યોજના હેઠળ સાહસિકોને આપવામાં આવી છે, જેમાં 40.7 લાખ કરોડ રૂપિયાની રકમ વિતરિત કરવામાં આવી છે.



16

**4.32**

લાખ કરોડ રૂપિયાની

વસૂલાત માર્ચ 2026 સુધીમાં મંજૂર થયેલી યોજનાઓ દ્વારા લેણદારોએ કરી છે.



17

**701.4** અબજ ડોલરનો

વિદેશી હૂંડિયામણ અનામત ભંડોળ 16 જાન્યુઆરી 2026 સુધીમાં હતો. નાણાકીય વર્ષ 2025-26માં પણ 7.7% ના વિકાસ દર સાથે ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું પ્રમુખ અર્થતંત્ર બની રહ્યું.



18

**સુરક્ષા વીમા યોજના**

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને અટલ પેન્શન યોજનાએ 94.56 કરોડ અરજદારોને સામાજિક સુરક્ષા કવચ પૂરું પાડ્યું.

# 3 વિજ્ઞાન, ટેકનોલોજી અને અંતરિક્ષ

*વિજ્ઞાન-ટેકનોલોજી અને ડિજિટલ ક્રાંતિએ વિકાસને અંતિમ વ્યક્તિ સુધી પ્રત્યક્ષ રીતે પહોંચાડ્યો છે, તો આ પ્રગતિએ વિશ્વમાં ભારતને અપાવી એક નવી ઓળખ...*



**19**


**106.58** કરોડ

થઈ ગઈ છે બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સબ્સ્કાઈબર્સની સંખ્યા, માર્ચ 2026ના અંત સુધીમાં. 'લાસ્ટ-માઈલ' ડિજિટલ કનેક્ટિવિટી મજબૂત થઈ.

**20**

**950+** કરોડ

કરોડ ડિજિટલ દસ્તાવેજો ડિજિલોકર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. હવે એક ક્લિકમાં જરૂરી દસ્તાવેજો, કાગળની ઝંઝટ વગર - દરેક સમયે, દરેક જગ્યાએ તમારી સાથે.



- પેન્શનરો માટે જીવન પ્રમાણપત્રની ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી.

**21**



**ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ (ONDC) એ નાના વેપારીઓને મોટા ઈ-કોમર્સ પ્લેટફોર્મની સમકક્ષ ડિજિટલ પહોંચ આપી.**



**22**

**5** લાખથી

વધુ કાર્યરત કોમન સર્વિસ સેન્ટર એપ્રિલ 2026 સુધીમાં, જ્યારે વર્ષ 2014માં આ સંખ્યા 83 હજાર હતી. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરિક સેવાઓની ડિજિટલ પહોંચ અને વિતરણમાં સુધારો થયો.



**23**

**'મંગળયાન'** દ્વારા ભારતે અંતરિક્ષની દુનિયામાં નવો ઈતિહાસ રચ્યો. 24 સપ્ટેમ્બર 2014ના રોજ આ યાને મંગળની કક્ષામાં પ્રવેશ કર્યો. આ સાથે જ ભારત પોતાના પ્રથમ પ્રયાસમાં જ મંગળ પર પહોંચનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો.



24

**ચંદ્રયાન-3 મિશન** હેઠળ ભારત 23 ઓગસ્ટ, 2023ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતાપૂર્વક ઉતરનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો. ચંદ્રયાન-3નું લેન્ડર જે સ્થળે ઉતર્યું હતું, તેને 'શિવ શક્તિ' નામ આપવામાં આવ્યું. દર વર્ષે 23 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

25



આદિત્ય-L1 મિશન સાથે ભારતે સૂર્યના અભ્યાસ માટે પોતાનું પ્રથમ સમર્પિત અંતરિક્ષ યાન બે સપ્ટેમ્બર 2023ના રોજ મોકલ્યું.

26



**મોટી સફળતા :** ભારતીય ગગનયાત્રી શુભાંશુ શુક્લાએ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન (ISS) પર 18 દિવસનું ઐતિહાસિક વૈજ્ઞાનિક મિશન પૂર્ણ કર્યું. આ સાથે જ 'એક્સિઓમ-04' મિશન સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ મિશનને 25 જૂન 2025ના રોજ સ્પેસએક્સ ડ્રેગન અંતરિક્ષ યાન દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.





27

જુલાઈ 2025માં ભારત-અમેરિકા સહયોગથી NISAR ઉપગ્રહનું સફળ પ્રક્ષેપણ થયું, જે વિશ્વનો સૌથી અદ્યતન પૃથ્વી-અવલોકન રડાર ઉપગ્રહ છે.

28

સ્પેડેક્સ મિશન દ્વારા ભારત અંતરિક્ષમાં ડોકિંગ ટેકનોલોજી હાંસલ કરનારો વિશ્વનો ચોથો દેશ બન્યો.






29

**38,000**

GPU થી વધુ થઈ ગઈ છે દેશની કમ્પ્યુટિંગ ક્ષમતા રાષ્ટ્રીય AI મિશન હેઠળ, જેમાં વધુ 20,000 GPU ઉમેરવામાં આવી રહ્યા છે. આનાથી કૃત્રિમ બુદ્ધિમત્તા સુલભ અને પરવડે તેવી બનશે.

30

- ડિસેમ્બર, 2026 સુધીમાં 5 સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થવાની અપેક્ષા, અત્યાર સુધીમાં 3 માં વ્યાપારી ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે, ભારતે સેમિકન્ડક્ટરના નવા યુગમાં પ્રવેશ કર્યો.
- દેશભરમાં 12 સેમિકન્ડક્ટર યુનિટ્સ નિર્માણાધીન, 24 ડીપ-ટેક ચિપ ડિઝાઈન સ્ટાર્ટઅપ શરૂ થયા, 70 હજારથી વધુ યુવાનોને ચિપ ડિઝાઈનમાં તાલીમ આપવામાં આવી.



# 4 સંરક્ષણ અને રાષ્ટ્રીય સુરક્ષા

**સંરક્ષણ-સુરક્ષાના નવા યુગમાં ભારત આત્મનિર્ભરતાની નવી પટકથા લખી રહ્યું છે. આતંકવાદ હોય કે નક્સલવાદ, ભારતની કડક કાર્યવાહી બની ગઈ છે નવી નીતિ...**

## 31


### સ્વદેશી નિર્મિત તેજસ લડાકુ વિમાન

- સ્વદેશી તેજસ લડાકુ વિમાનને ફેબ્રુઆરી 2019માં અંતિમ ઓપરેશનલ મંજૂરી મળી. ભારતીય વાયુસેના દ્વારા 83 વિમાનોની ખરીદીને મંજૂરી.



## 32

### સંરક્ષણ નિકાસ




### સંરક્ષણ બજેટ

- લગભગ 8 લાખ કરોડ રૂપિયા (2026-27)
- 2013-14ની સરખામણીએ 3 ગણો વધારો.

### બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલની નિકાસ

ભારતીય સંરક્ષણ ઉત્પાદનો 80થી વધુ દેશો સુધી પહોંચી રહ્યા છે. જેમાં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ નિકાસની મહત્વપૂર્ણ ભૂમિકા છે.



## 33

- 2016માં સર્જિકલ સ્ટ્રાઈક અને 2019માં બાલાકોટ એર સ્ટ્રાઈક દ્વારા સરહદ પાર આતંકવાદી માળખા વિરુદ્ધ નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવી.



## 34

### 2025માં ઓપરેશન સિંદૂર

- 9 આતંકી કેમ્પ નષ્ટ, 100થી વધુ આતંકીઓ ઠાર.
- 11 સૈન્ય મથકો પર સચોટ પ્રહાર.
- 20% પાક વાયુસેનાના માળખાને નુકસાન.

35



## આઈએનએસ વિક્રાંત


- આઈએનએસ વિક્રાંત ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ છે, જેનું નિર્માણ 76% સ્વદેશી સામગ્રીથી કરવામાં આવ્યું છે.
- 2 સપ્ટેમ્બર 2022ના રોજ કમિશન્ડ થયેલું આ જહાજ લગભગ 30,000 ટન સ્ટીલમાંથી નિર્મિત છે.

**2,200**
કમ્પાર્ટમેન્ટ ધરાવતું એક તરતું શહેર.

36

## અગ્નિપથ યોજના

- જૂન 2022માં શરૂ કરવામાં આવેલી અગ્નિપથ યોજના હેઠળ, ફેબ્રુઆરી 2025 સુધીમાં લગભગ 1.5 લાખ અગ્નિવીરોનો સમાવેશ કરવામાં આવ્યો.
- કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને અસમ રાઈફલ્સમાં ભરતી માટે પૂર્વ અગ્નિવીરોને 10 ટકા અનામત અને વયમર્યાદામાં છૂટછાટ.



37

## નક્સલવાદ

- એપ્રિલ 2026માં દેશને નક્સલવાદમાંથી મુક્તિ મળી. લાલ કોરિડોરમાં હવે વિકાસની ઝડપી ગતિ.





# 5 સ્વાસ્થ્ય અને કલ્યાણ

*વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના હોય કે સ્વાસ્થ્ય રેકોર્ડને ડિજિટલ બનાવવો હોય, ભારત સરકારે દરેક ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે. આનાથી સ્વાસ્થ્ય સેવામાં પહોંચ બની સરળ...*




**38**

## 44 કરોડથી

વધુ આયુષ્માન કાર્ડ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જય) હેઠળ બનાવવામાં આવ્યા છે, 11 કરોડથી વધુ લોકોને નિઃશુલ્ક સારવાર મળી છે, પરિવાર દીઠ પ્રતિ વર્ષ 5 લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમો.



**39**

## 220 કરોડ

કોવિડ-19 રસીના ડોઝ રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ આપવામાં આવ્યા. કોવિડ-19 દરમિયાન ભારતે વૈશ્વિક સ્તરે 30 કરોડ રસી વિતરિત કરી.

**40**



## 19,200

જન ઔષધિ કેન્દ્રોની સંખ્યા, જ્યાં બ્રાન્ડેડ દવાઓની સરખામણીમાં 50% થી 90% સુધી સસ્તી ઉચ્ચ ગુણવત્તાવાળી જેનરિક દવાઓ મળે છે. સર્જિકલ સાધનો અને સ્વાસ્થ્ય સંબંધિત ઉત્પાદનો (જેમ કે માત્ર 1 રૂપિયામાં મળતા સેનિટરી નેપકિન) પણ ઉપલબ્ધ છે.

**41**



**સ્વચ્છ ભારત મિશન**

## 12.11 કરોડ

વધુ ઘરોમાં શૌચાલય બનાવવામાં આવ્યા, જેનાથી ગ્રામીણ સ્વચ્છતા કવરેજ 2014માં 39 ટકાથી વધીને હવે 100% થઈ ગયું છે.


**42**




## 93.51 કરોડ

વધુ આભા કાર્ડ આયુષ્માન ભારત ડિજિટલ મિશન હેઠળ બનાવવામાં આવ્યા. ડિજિટલ હેલ્થ રેકોર્ડ તૈયાર થવાથી દર્દી અને તબીબ બંને માટે સરળતા થઈ.

**43**



2026માં એમબીબીએસ સીટોની સંખ્યા વધીને 1.28 લાખથી વધુ થઈ ગઈ છે, જ્યારે 2014માં આ સંખ્યા 51 હજાર હતી. આ જ સમયગાળા દરમિયાન મેડિકલ પીજી સીટોની સંખ્યા 31 હજારથી વધીને 85 હજારથી વધુ થઈ છે. મેડિકલ કોલેજોની સંખ્યા 842 થી વધીને 2,100 થી વધુ થઈ.

# 6 પાયાનું માળખું અને કનેક્ટિવિટી

***ભારતમાં હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ્સ અટકતા નથી, લટકતા નથી કે ભટકતા નથી. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું બજેટ 12 વર્ષમાં 6 ગણું થયું તો અસંખ્ય ઈન્ફ્રા પ્રોજેક્ટ્સે વિશ્વમાં બનાવી અલગ ઓળખ , વધારી શાન અને જીવન બનાવ્યું સરળ...***



**44**

- દેશના 26 શહેરોમાં 1,155 કિલોમીટરનું મેટ્રો રેલ નેટવર્ક વિસ્તર્યું, મુસાફરીની પદ્ધતિ બદલાઈ.
- 95 એરપોર્ટ, હેલિપોર્ટ અને વોટર એરોડ્રોમથી જોડાયેલા 663 ઉડાન (UDAN) રૂટ પર ફ્લાઈટ્સ ચલાવવામાં આવી.
- વિશ્વનું ત્રીજું સૌથી મોટું મેટ્રો રેલ નેટવર્ક તૈયાર થયું, ઉડાન યોજના દ્વારા સામાન્ય લોકોને સસ્તી હવાઈ સફર મળી.




**45**

- 164 વંદે ભારત ટ્રેનથી રેલ મુસાફરીને નવી ગતિ મળી, સફર સરળ અને ઝડપી બન્યું.
- નાણાકીય વર્ષ 2025-26માં 4 કરોડ લોકોએ વંદે ભારત દ્વારા મુસાફરી કરી. સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્મિત પ્રથમ સેમી હાઈ-સ્પીડ ટ્રેન વંદે ભારત ફેબ્રુઆરી, 2019માં નવી દિલ્હી-વારાણસી વચ્ચે શરૂ થઈ હતી.

**46**

- 85 લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સની PRAGATI પ્લેટફોર્મ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સમીક્ષા કરવામાં આવી.



**47**

- પીએમ આવાસ યોજના હેઠળ 4+ કરોડથી વધુ મકાનો લાભાર્થીઓને સોંપવામાં આવ્યા, પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થયું.
- 74% ઘરો મહિલાઓના નામે છે અથવા તો સંયુક્ત માલિકી હેઠળ છે. સુરક્ષા, સન્માન અને આત્મનિર્ભરતાની નવી ભાવના જાગ્રત થઈ.






**48**

**34,800**

**કિલોમીટર આવરી લેવા માટે 5.35 લાખ અંદાજિત ખર્ચ સાથે ભારતમાલા પરિયોજના ચરણ 1ને મંજૂરી આપવામાં આવી.**

- 26,425 કિલોમીટર લંબાઈ ધરાવતા પ્રોજેક્ટ્સ ફાળવવામાં આવ્યા, 22,223 કિલોમીટરનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું. દેશમાં નિયંત્રિત હાઈ-સ્પીડ કોરિડોરની લંબાઈ 2014માં 93 કિલોમીટર હતી, જે વધીને 3,644 કિમી થઈ.




**49**

- અટલ સુરંગ જેવા વ્યૂહાત્મક અને દુર્ગમ વિસ્તારોને જોડતી સુરંગોના નિર્માણથી લશ્કરી અને નાગરિક કનેક્ટિવિટી બંને મજબૂત થઈ.
- 9.02 કિમી લાંબી છે અટલ સુરંગ, જે રોહતાંગ પાસને બાયપાસ કરીને અત્યંત ઊંચાઈ ધરાવતો માર્ગ પૂરો પાડે છે.
- 12 કિમી લાંબી સોનમર્ગ સુરંગ, દરિયાઈ સપાટીથી 8,650 ફીટથી વધુની ઊંચાઈ પર બનાવવામાં આવી છે.

# 7 કૃષિ અને ગ્રામીણ વિકાસ

**કૃષિ અને ગ્રામીણ વિકાસ દેશની આર્થિક અને સામાજિક ઉન્નતિના મુખ્ય આધાર છે. સરકાર ખેતીને આધુનિક બનાવવા, પાયાની સુવિધાઓ પહોંચાડવા અને રોજગારીની નવી તકો ઊભી કરવા પર આપી રહી છે ભાર ...**



## 50

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ

**4.46+ લાખ કરોડ રૂપિયા**

- 2019માં યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં વિતરિત કરવામાં આવ્યા.
- યોજના હેઠળ 9.44 કરોડથી વધુ ખેડૂતોને નાણાકીય સહાય મળી રહી છે. જેમાં 2.18 કરોડ મહિલા ખેડૂતો છે.

## 51

## પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના

**4 કરોડથી વધુ ખેડૂતો પીએમ ફસલ બીમા યોજનાથી લાભાન્વિત થયા.**

- 2016થી લઈને 2025 સુધીમાં લગભગ 2 લાખ કરોડ રૂપિયાના દાવાની ચુકવણી કરવામાં આવી.



## 52

## મૃદા સ્વાસ્થ્ય કાર્ડ યોજના

- મૃદા સ્વાસ્થ્ય વ્યવસ્થાપન હેઠળ, 2025-26માં 97.53 લાખ માટીના નમૂના એકત્ર કરવામાં આવ્યા અને 92.87 લાખ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું.
- સંતુલિત પોષક તત્વોના સંચાલનના માર્ગદર્શન માટે 2015થી અત્યાર સુધીમાં લગભગ 26 કરોડ મૃદા સ્વાસ્થ્ય કાર્ડ આપવામાં આવ્યા છે.




## 53 કૃષિ ઉપજની નિકાસ

- 2024-25માં કૃષિ અને તેની સાથે સંકળાયેલી કોમોડિટીની કુલ નિકાસ 51.9 અબજ ડોલર.
- કૃષિ નિકાસમાં પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સના નિકાસનો હિસ્સો 2014-15માં 13.7% થી વધીને 2024-25માં 20.4% થઈ ગયો છે.




## 54 પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

- વીતેલા 12 વર્ષથી પણ ઓછા સમયમાં 4.06 લાખ કિલોમીટર ગ્રામીણ રસ્તાઓ બન્યા, 99% ગામડાઓ પાકા રસ્તાઓથી કનેક્ટ થયા.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-III ને માર્ચ 2025થી આગળ વધારીને માર્ચ 2028 સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી.






# 8 શિક્ષણ અને કૌશલ્ય વિકાસ

*દેશમાં ત્રણ દાયકા પછી નવી શિક્ષણ નીતિ લાગુ થઈ તો ઉચ્ચ શિક્ષણનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વધ્યું. કૌશલ્ય વિકાસે યુવાનો માટે તકો વધારી તો હવે યુવાનો બની રહ્યા છે વિકસિત ભારતના સારથી...*



**55**

ત્રણ દાયકા પછી દેશને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) મળી. શિક્ષણ પ્રણાલીને બહુવિષયક, લવચીક અને કૌશલ્ય-આધારિત બનાવવાની દિશામાં પગલાં લેવામાં આવ્યા.

**170** યુનિવર્સિટીઓએ નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક અપનાવ્યું

**2,469** સંસ્થાઓ એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ સાથે જોડાઈ

**32** કરોડથી વધુ સ્ટુડન્ટ આઈડી જાહેર

**56**



**6+** કરોડથી

વધુ ઉમેદવારોને કૌશલ્ય વિકાસ પહેલના માધ્યમથી તાલીમ, સ્કીલ ઈન્ડિયા મિશનના PMKVY, JSS, NAPS અને CTS તથા અન્ય માધ્યમોથી તાલીમબદ્ધ કરવામાં આવ્યા.

**15,000**

ની નજીક પહોંચી ITI ની સંખ્યા, જેમાં અભ્યાસ કરી રહ્યા છે લગભગ 15 લાખ વિદ્યાર્થીઓ, યુવાનોને રોજગારલક્ષી કૌશલ્ય તાલીમ આપીને બનાવવામાં આવી રહ્યા છે આત્મનિર્ભર.

**57**

- DIKSHA પર 135 ભાષાઓમાં 3.66 લાખથી વધુ ઈ-કન્ટેન્ટ સંસાધનો ઉપલબ્ધ છે. સ્વયંપ્રભા, પીએમ ઈ-વિદ્યા, રેડિયો, ડિજિટલ કન્ટેન્ટ સહિત અન્ય ડિજિટલ શિક્ષણ મંચોએ દૂરદૂરના વિદ્યાર્થીઓ સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણ સામગ્રી પહોંચાડી.

**6.1+** કરોડ નોંધણી ડિજિટલ સ્વયં પ્લેટફોર્મ પર થઈ



**18,580** અભ્યાસક્રમો ઉપલબ્ધ

**58**



- AIIMS ની સંખ્યા વધીને 23 થઈ, જે 2014માં માત્ર 7 હતી, MBBS ની સીટો 1.29 લાખ અને મેડિકલ PG ની સીટો લગભગ 86 હજાર પર પહોંચી, તબીબી શિક્ષણનો વ્યાપ વધારવામાં આવ્યો.
- 23 IIT, 22 IIM, 25 IIIT સહિત દેશભરમાં સંસ્થાઓ અને કેમ્પસોની સ્થાપના કરીને ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપ્યું.
- આર્થિક રીતે નબળા વર્ગો માટે 10 ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી.

**59**

**13,092**

શાળાઓને PM શ્રી સ્કૂલ યોજના હેઠળ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના 21 ઘટકો સાથે અપગ્રેડ કરવા માટે પસંદ કરવામાં આવી.

499 એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલમાં હવે 1.56 લાખ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, જ્યારે અટલ ટિંકરિંગ લેબ સાથે જોડાયેલા 1 કરોડ વિદ્યાર્થીઓ નવાચાર સાથે જોડાઈ રહ્યા છે અને સંશોધન કરી રહ્યા છે.

# 9 મહિલા સશક્તિકરણ


**દેશની અડધી વસ્તીને સશક્ત અને આત્મનિર્ભર બનાવ્યા વિના દેશને વિકસિત કરવાની કલ્પના મુશ્કેલ છે. આ જ કારણ છે કે મહિલાઓનો સર્વાંગી વિકાસ સરકારની પ્રાથમિકતાઓમાં છે સર્વોપરી...**

## 60






- ઘટતા બાળ જાતિ પ્રમાણ અને વ્યાપક જાતિ આધારિત ભેદભાવને નાબૂદ કરવા માટે 22 જાન્યુઆરી 2015ના રોજ બેટી બચાવો બેટી પઢાવો યોજના શરૂ કરવામાં આવી.
- રાષ્ટ્રીય સ્તરે જન્મ સમયે જાતિ પ્રમાણ 2014-15માં 918થી વધીને 2024-25માં 929 થઈ ગયું.



## 62

## મુદ્રા યોજના અને સ્ટેન્ડ-અપ ઈન્ડિયા જેવી યોજનાઓ



**68%** **મુદ્રા યોજનાની લાભાર્થી મહિલાઓ છે. આનાથી સરળ લોન અને વ્યવસાય વધારવામાં મદદ મળી.**

- ઘરથી કારોબાર સુધીઃ મુદ્રા યોજના મહિલાઓને આત્મવિશ્વાસ આપી રહી છે. આ યોજનાના 11 વર્ષ પૂર્ણ.
- સ્ટેન્ડ-અપ ઈન્ડિયાઃ મહિલાઓ 10 લાખ રૂપિયાથી લઈને 1 કરોડ રૂપિયા સુધીની લોન મેળવી શકે છે, જેને ચૂકવવા માટે 7 વર્ષ સુધીનો સમય મળે છે.
- સ્ટેન્ડ-અપ ઈન્ડિયા પોર્ટલના માધ્યમથી, મહિલાઓને અરજી પર માર્ગદર્શન, તાલીમ સાથે જોડાવાની તક મળે છે.





## 61

## જલ જીવન મિશન

**12.65+ કરોડ**

વધારાના નળ કનેક્શન ગ્રામીણ પરિવારોને મિશનની શરૂઆત 15 ઓગસ્ટ, 2019થી 10 જુલાઈ 2026 સુધીમાં આપવામાં આવ્યા.

- 3.23 કરોડ ગ્રામીણ પરિવારો પાસે જ મિશનની શરૂઆતમાં નળ કનેક્શન હતા.

**15.88+ કરોડ**

પરિવારોને હવે નળ દ્વારા જળ, દેશમાં 19.35+ કરોડ ગ્રામીણ પરિવારો છે.

- સ્વતંત્રતા દિવસે જાહેર કરાયેલા આ મિશનના કારણે મહિલાઓને પાણી લાવવામાં થતા સમયની બચત થઈ, આર્થિક પ્રવૃત્તિઓમાં તે સમયનો ઉપયોગ કરીને નારી સશક્ત બની રહી છે.

## 63

## સશસ્ત્ર દળોમાં મહિલાઓને સ્થાયી કમિશન અને લડાયક ભૂમિકાઓમાં નિમણૂક

- રાષ્ટ્રીય રક્ષા અકાદમીમાં મહિલાઓના પ્રવેશમાં ઘણી પ્રગતિ થઈ છે, મે 2025માં 17 મહિલા કેડેટ અને નવેમ્બર 2025માં 15 મહિલા કેડેટ સ્નાતક થઈ.
- મહિલા અધિકારીઓ હવે લેફ્ટનન્ટ જનરલ રેન્ક, ફાઈટર પાયલટ અને પ્રમુખ એકમોની કમાન્ડરો સહિત વરિષ્ઠ નેતૃત્વ અને પરિચાલન કમાનની ભૂમિકાઓ નિભાવી રહી છે.
- લડાયક ભૂમિકાઓમાં મહિલા અધિકારીઓની ભરતી વર્ષ 2015માં પ્રાયોગિક ધોરણે શરૂ કરાઈ. 2022માં સ્થાયી યોજના તરીકે તેને ઔપચારિક રૂપ આપવામાં આવ્યું.


**સશસ્ત્ર દળોમાં મહિલા અધિકારીઓની સંખ્યા વધીને લગભગ**

**11,000**

**સુધી પહોંચી ગઈ છે**



## 64 પીએમ ઉજ્જવલા યોજના



**લગભગ 11 કરોડ** એલપીજી કનેક્શન આપવામાં આવ્યા. રસોડાને ધુમાડા-મુક્ત બનાવવામાં આવ્યા.

- મહિલાઓના પ્રતિદિન 2થી 3 કલાક બચી જાય છે, જે પહેલાં તેમને ચૂલો સળગાવવાની લાકડીઓ એકઠી કરવામાં લાગતા હતા.
- દેશમાં એલપીજીની પહોંચ 55.9 ટકા (એપ્રિલ 2014)થી વધીને 107.2 ટકા (એપ્રિલ 2026) થઈ ગઈ.
- ઉપભોક્તાઓની સંખ્યા 14.51 કરોડ (એપ્રિલ 2014)થી વધીને 33.39 કરોડ (એપ્રિલ 2026) થઈ ગઈ અને વપરાશ બમણો થઈ ગયો.

# 10 રમતગમત

રમતમાં 'ખેલો ઈન્ડિયા'એ ન માત્ર રમતગમતનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું પરંતુ જમીની સ્તર પર પ્રતિભાઓને નિખારવાનું કામ પણ કર્યું. હવે ઓલિમ્પિક હોય કે પેરાલિમ્પિક, ક્રિકેટ હોય કે કુસ્તી, પુરુષ હોય કે નારી શક્તિ, ચારેય તરફ લહેરાઈ રહ્યો છે ભારતનો પરચમ...

## 65

- **30,750+** એથલીટોને ખેલો ઈન્ડિયાથી સહાયતા, મણિપુરના ઈમ્ફાલમાં 2018માં બની દેશની પ્રથમ રાષ્ટ્રીય રમતગમત યુનિવર્સિટી, જમીની સ્તર પર પ્રતિભાઓને નિખારવા માટે તૈયાર કરાયું ઈન્ફ્રાસ્ટ્રક્ચર.
- 4.5 લાખથી વધુ સ્કૂલ ફિટ ઈન્ડિયા સ્કૂલ ફ્લેગથી સન્માનિત, લગભગ 24 કરોડ લોકો ફિટ ઈન્ડિયા રન સહિત અન્ય કાર્યક્રમોમાં થયા સામેલ.



## 66

- 6 ખેલાડીઓએ પેરિસ ઓલિમ્પિક 2024માં મેડલ જીત્યા. 1952થી 2012 એટલે કે 60 વર્ષમાં ભારતીય ખેલાડીઓએ ઓલિમ્પિકમાં 20 મેડલ જીત્યા, 2016-2024 વચ્ચે 15 મેડલ જીત્યા.



- **107** મેડલ ભારતીય ખેલાડીઓએ એશિયાઈ રમતોમાં જીતીને રેકોર્ડ બનાવ્યો. રમતોમાં ભારતીય ખેલાડીઓની વધતી મેડલ સંખ્યાએ દેશને રમત જગતમાં નવી ઓળખ આપી.

## 67




2025માં ભારતીય પુરુષ ક્રિકેટ ટીમે ICC ચેમ્પિયન્સ ટ્રોફી જીતી, જ્યારે મહિલા ક્રિકેટ ટીમે પ્રથમ વાર વિશ્વ કપ પોતાના નામે કર્યો






ભારતીય ટીમ, આઈસીસી પુરુષ ટી20 વિશ્વ કપ 2024 અને 2026માં જીતવાની સાથે ત્રણ વાર જીતી, પ્રજ્ઞાચક્ષુ મહિલા ક્રિકેટ ટીમે પણ વિશ્વ કપ જીતીને રમત જગતમાં ઈતિહાસ રચ્યો.

# 11 વિદેશ નીતિ અને વૈશ્વિક ઓળખ

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશનું ન માત્ર માન વૈશ્વિક સ્તરે વધ્યું છે પરંતુ ભારત વિકસિત થઈ રહેલા દેશોનો પણ બની રહ્યો છે અવાજ...*




68

## જી-20

**નું 2023માં ભારતની અધ્યક્ષતામાં સફળ આયોજન**

- ભારતે 'ગ્લોબલ સાઉથ'નો અવાજ બનીને આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની રાજદ્વારી શાખ મજબૂત કરી.
- 100% જી-20 નેતાઓની નવી દિલ્હી લીડર્સ ડિક્લેરેશન (એનડીએલડી) પર સહમતિ.

69

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

- 175 દેશોએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં સમર્થન આપ્યું.
- 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાષ્ટ્રીય આયોજનનું નેતૃત્વ પીએમ મોદીએ પશ્ચિમ બંગાળના કોલકાતા સ્થિત રેડ રોડ પરથી કર્યું.
- 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' પર 2026માં વિશ્વના 2,500થી વધુ સ્થળોએ યોગ કાર્યક્રમો યોજાયા.



70

## આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ

- **125** સભ્ય અને હસ્તાક્ષરકર્તા દેશો સાથે આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ એક વૈશ્વિક મંચ તરીકે ઊભરી આવ્યું.
- ભારત અને ફ્રાન્સે સંયુક્ત રીતે 2015માં પેરિસમાં આયોજિત COP21 જળવાયુ સંમેલન દરમિયાન આ ગઠબંધનની શરૂઆત કરી હતી.
- ISAનો લક્ષ્યાંક વર્ષ 2030 સુધીમાં સૌર ઊર્જામાં **1,000** અબજ ડોલરથી વધુનું રોકાણ એકત્ર કરવાનો છે.





71

### કોવિડ કાળમાં વેક્સિન મૈત્રી

વેક્સિન મૈત્રી હેઠળ 99 દેશોને 30 કરોડથી વધુ કોવિડ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા.

73

યુક્રેન યુદ્ધ જેવા વૈશ્વિક પડકારો વચ્ચે ભારતે સ્વતંત્ર અને સંતુલિત વિદેશ નીતિ અપનાવીને 'ઈન્ડિયા ફર્સ્ટ' ના દ્રષ્ટિકોણને મજબૂતીથી સ્થાપિત કર્યો.






72

### પડોશી પ્રથમ અને એક્ટ ઈસ્ટ

- પડોશી પ્રથમ અને એક્ટ ઈસ્ટ નીતિ દ્વારા પ્રાદેશિક સહયોગ અને કનેક્ટિવિટીને મળી નવી દિશા.
- આ નીતિ ભૂટાન, નેપાળ, શ્રીલંકા, માલદીવ, મ્યાનમાર, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન જેવા પડોશીઓ સાથે મજબૂત ભૌતિક, ડિજિટલ અને સાંસ્કૃતિક સંબંધોને પ્રાથમિકતા આપે છે.
- એશિયાઈ અને પડોશી દેશો સાથે વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોને મજબૂતી પૂરી પાડવામાં આવી.

# 12 પર્યાવરણ અને વન્ય જીવ સંરક્ષણ

*ભારતે વિશ્વને LiFE અને આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સનો મંત્ર આપ્યો તો દેશમાં વન વિસ્તાર વધારવા અને જૈવ વિવિધતાને પ્રોત્સાહન આપતી રામસર સાઈટ, વન વિસ્તાર અને લુપ્ત ચિત્તાની સંખ્યા વધી. તેમજ સતત વિકાસ લક્ષ્યો સમય પહેલા હાંસલ થવા લાગ્યા...*

## 74

**53 થઈ ભારતમાં ચિત્તાઓની સંખ્યા, જેમાં 33નો જન્મ ભારતમાં થયો છે, આ લુપ્ત થઈ ચૂકેલી પ્રજાતિના પુનરાગમનનું પ્રતીક છે.**



- 1952માં ભારતમાં ચિત્તા લુપ્ત જાહેર કરવામાં આવ્યા હતા, સપ્ટેમ્બર 2022માં વિશ્વમાં પ્રથમ વાર કોઈ વિશાળ માંસાહારી પ્રાણીનું આંતરખંડીય સ્થાનાંતરણ કરીને નામિબિયાથી 8 ચિત્તા લાવવામાં આવ્યા હતા.

## 75

- **283.46** ગીગાવોટ જેટલી બિન-અશ્મિભૂત ઊર્જા ક્ષમતા ભારતમાં 31 માર્ચ, 2026 સુધી થઈ, જેમાં 274.68 ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા અને 8.78 ગીગાવોટ પરમાણુ ઊર્જા ક્ષમતા સામેલ છે.
- ભારત, સ્થાપિત પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાના મામલે ચીન અને અમેરિકા પછી ત્રીજા નંબરે છે.


### નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન

- 8.62 લાખ ટન/વર્ષ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનને મંજૂરી, સ્ટીલ સેક્ટર માટે 7 અને ટ્રાન્સપોર્ટ સેક્ટર માટે 5 પાયલટ પ્રોજેક્ટ શરૂ.
- મિશનથી 8 લાખ કરોડ રૂપિયાનું રોકાણ આવવાની, છ લાખ રોજગાર સર્જન અને અશ્મિભૂત બળતણની આયાતમાં વાર્ષિક 1 લાખ કરોડ રૂપિયાની બચતની આશા.



## 76

- 43,031 કરોડ રૂપિયાની 524 પરિયોજનાઓને નમામિ ગંગે કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય નદી ગંગા સહિત અન્ય નદીઓની સ્વચ્છતા અને પુનરુજ્જીવન માટે મંજૂરી આપવામાં આવી જેમાં 363 પરિયોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે.
- 100 થઈ ભારતમાં રામસર સાઈટની સંખ્યા, 2014માં માત્ર 26 હતી.
- 18 થઈ બ્લૂ ફ્લેગ વાળા સમુદ્ર તટોની સંખ્યા, 2020માં પ્રથમ વાર 8 તટોને બ્લૂ ફ્લેગ પ્રમાણપત્ર મળ્યું હતું.



## 77

- મિશન LiFE (લાઈફસ્ટાઈલ ફોર એનવાયર્નમેન્ટ) ના માધ્યમથી પર્યાવરણ અનુકૂળ જીવનશૈલીને વૈશ્વિક અભિયાન તરીકે આગળ વધારવામાં આવી. આ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવની હાજરીમાં 2022માં લૉન્ચ કરવામાં આવ્યું હતું.

# 13 સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસો

**ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક વારસો વિશ્વની પ્રાચીનતમ જીવંત ધરોહર છે. આ માત્ર પરંપરાઓનો સંગ્રહ નથી, પરંતુ જીવન જીવવાની એક શાશ્વત કળા છે. સત્ય, અહિંસા અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ના દર્શનથી પોષાયેલો આ વારસો આપણી રાષ્ટ્રીય ઓળખ અને વૈશ્વિક ગૌરવનો છે આધાર...**



## 78

- 2025માં આયોજિત પ્રયાગરાજ મહાકુંભમાં 66 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો.
- આ કારણે આ દુનિયાનો સૌથી મોટો ધાર્મિક સમાગમ બની ગયો.
- આ સંખ્યા ઉત્તર અમેરિકા, યુરોપીય સંઘ અને દક્ષિણ અમેરિકાની કુલ વસ્તી કરતાં પણ વધુ છે.


## 79

- 22 જાન્યુઆરી 2024ના રોજ અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ અને પ્રાણ પ્રતિષ્ઠાએ કરોડો ભારતીયોની આસ્થાને નવો આયામ આપ્યો.
- અયોધ્યા શ્રી રામ મંદિરમાં વિતેલા 4 વર્ષમાં 16 કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા.



## 80

- 13 ડિસેમ્બર 2021ના રોજ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન.
- ઉજ્જૈન મહાકાલ લોક કોરિડોર, કેદારનાથ ધામનું પુનર્નિર્માણ, સોમનાથનો પુનરોદ્ધાર, ડેરા બાબા નાનક કરતારપુર કોરિડોર રાષ્ટ્રને સમર્પિત.





કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# સેમીકોન 2.0 અને મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ યોજનાને મંજૂરી

***ભારતને ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ અને ટેકનોલોજી હબ બનાવવા માટે કેન્દ્ર સરકાર પ્રતિબદ્ધ છે. આ જ દિશામાં કેન્દ્રીય મંત્રીમંડળે એક મોટું પગલું ભરતા સેમીકન્ડક્ટર મિશન 2.0 અને મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ સ્કીમ જેવી યોજનાઓને આપી મંજૂરી...***

કેબિનેટના નિર્ણયો પર પ્રેસ બ્રિફિંગ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**નિર્ણય : સેમીકન્ડક્ટર ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે સેમીકોન 2.0 ને મંજૂરી.**

**પ્રભાવ :** આર્થિક વિકાસને ગતિ મળશે, પુરવઠા શ્રૃંખલા વધુ મજબૂત થશે. મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ભારતની તકનીકી નેતૃત્વ ક્ષમતાને વધારશે.

- સેમીકોન 2.0 હેઠળ સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમને છ પ્રમુખ સ્તંભોના માધ્યમથી મજબૂત કરવામાં આવશે. આ મિશન માટે 1,27,500 કરોડ રૂપિયાના બજેટની જોગવાઈ છે.

**નિર્ણય : ઉત્તર પ્રદેશમાં વરુણા નદી તટના કિનારે 6/4-લેન એલિવેટેડ કોરિડોર, રેમ્પ અને લૂપના નિર્માણને હાઈબ્રિડ એન્યુઈટી મોડેલ હેઠળ 10,998.32 કરોડ રૂપિયાના ખર્ચથી મંજૂરી આપી.**

**પ્રભાવ :** આ પરિયોજના વારાણસી ડી-કંજેશન યોજનાનો એક પ્રમુખ હિસ્સો છે જે એનએચ-31 અને કાશી રેલવે સ્ટેશન વચ્ચે નિર્બાધ સંપર્ક પૂરો પાડશે. પ્રોજેક્ટ પૂરો થવા પર એનએચ-31થી કાશી રેલવે સ્ટેશન વચ્ચે યાત્રાના સમયમાં 50% નો ઘટાડો થશે.

- પ્રોજેક્ટથી પ્રાદેશિક સંપર્ક મજબૂત થશે. છ પ્રમુખ લોજિસ્ટિક્સ કેન્દ્રો સુધી સુદ્રઢ પહોંચ સુનિશ્ચિત થશે. કોરિડોરની લંબાઈઃ 43.218 કિમી.

**નિર્ણય : મોબાઈલ ફોન મેન્યુફેક્ચરિંગ યોજનાને મંજૂરી.**

**પ્રભાવ :** યોજનાની અવધિ 5 વર્ષ એટલે કે નાણાકીય વર્ષ 2030-31 સુધી છે. આના માટે 62,500 કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. આનાથી દેશમાં મોબાઈલ ફોનના નિકાસમાં નોંધપાત્ર વધારો થશે અને ઉત્પાદન લગભગ 39 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાની સંભાવના છે.

- આ યોજનાથી 60,000 પ્રત્યક્ષ રોજગાર સર્જિત થવાથી આર્થિક વિકાસ, રોજગાર અને વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન કેન્દ્ર તરીકે ભારતની સ્થિતિ મજબૂત થશે.

**નિર્ણય : ઓડિશા અને ઝારખંડના ચાર જિલ્લાઓ માટે બે મલ્ટીટ્રેકિંગ પરિયોજનાઓને મંજૂરી.**

**પ્રભાવ :** આ પરિયોજનાઓથી રેલ સંચાલન વધુ સુગમ થશે. રેલ માર્ગો પર ભીડ ઓછી થશે. વર્તમાન રેલ નેટવર્કમાં લગભગ 145 કિલોમીટરનો વધારો થશે. પરિયોજનાઓનો અંદાજિત ખર્ચ લગભગ 3,907 કરોડ રૂપિયા છે. આ 2030-31 સુધી પૂરી થઈ જશે.

**બે મલ્ટી-ટ્રેકિંગ રેલવે પરિયોજના**

- પારાદીપ-હરિદાસપુર રેલખંડ પર ડબલ રેલ લાઈન.
- રાજખરસાવાં-ડાંગોઆપોસી રેલખંડ પર ચોથી રેલ લાઈનનું નિર્માણ.

**નિર્ણય : આત્મનિર્ભર ભારતના ઉદ્દેશ્યથી યૂરિયા-2026 (એનઆઈપીયૂ-2026) માટે રાષ્ટ્રીય રોકાણ નીતિને મંજૂરી.**

**પ્રભાવ :** આ નીતિ દેશમાં ગેસ આધારિત યૂરિયા મેન્યુફેક્ચરિંગ યુનિટ લગાવવા માટે યૂરિયા સેક્ટરમાં નવા રોકાણને પ્રોત્સાહન આપશે. આનાથી આત્મનિર્ભરતાનું લક્ષ્ય મેળવવામાં મદદ મળશે. એનઆઈપીયૂ-2026 નીતિ હેઠળ આશરે 8 થી 9 નવા યૂરિયા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ થશે.

**નિર્ણય : વારાણસીમાં રાષ્ટ્રીય રાજમાર્ગ-19 અને વારાણસી રિંગ રોડ વચ્ચે ગંગા નદીના તટ પર કનેક્ટિવિટી પૂરી પાડનારા એક લિંક કોરિડોરના વિકાસને મંજૂરી.**

**પ્રભાવ :** 46.039 કિલોમીટર લાંબી આ પરિયોજનામાં છ લેનનો એલિવેટેડ મેઈન કેરેજવે, એક કેબલ-સ્ટે બ્રિજ, એક એક્સ્ટ્રા ડોઝ્ડ ફુટ ઓવર બ્રિજ-કમ-મેજર બ્રિજ, લૂપ, રેમ્પ, લિંક રોડ અને સર્વિસ રોડ સામેલ છે. પરિયોજના હાઈબ્રિડ એન્યુટી મોડેલ હેઠળ કુલ 14,447.64 કરોડ રૂપિયાના મૂડી ખર્ચ પર કાર્યાન્વિત કરવામાં આવશે. ■



# દ્રઢ સંકલ્પ સાથે આગળ વધતું ભારત

**રાજસ્થાનની ધરતી અસંખ્ય વીરોના શૌર્યની સાક્ષી રહી છે. અહીંના કણ-કણમાં સ્વાભિમાનને સર્વોપરી રાખવાની શીખ મળી છે. વ્યક્તિનું સ્વાભિમાન હોય કે પછી દેશનું, તે ત્યારે જ ઊંચું રહી શકે છે જ્યારે તે આત્મનિર્ભર હોય. આત્મનિર્ભરતાની દિશામાં વધતા પગલાની આ જ કડીમાં 4 જુલાઈના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બાલોતરામાં વિવિધ વિકાસ પરિયોજનાઓનું કર્યું શિલાન્યાસ અને ઉદ્ઘાટન...**

પડકાર ભલે ગમે તેટલો મોટો અને અણધાર્યો કેમ ન હોય, નવું ભારત પોતાના સંકલ્પોથી ન તો પાછળ હટે છે અને ન તો પોતાની ગતિ ઓછી કરે છે. આજે રાજસ્થાનમાં વિકાસના વધુ કેટલાક કીર્તિમાન સ્થાપિત થઈ રહ્યા છે. રાજસ્થાનના બાલોતરામાં વિકાસ પરિયોજનાઓના શુભારંભના અવસર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજે જ, જોધપુરમાં નવા એરપોર્ટ ટર્મિનલનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું છે. આ મારવાડમાં પ્રવાસન, વેપાર અને રોજગારને નવી ગતિ આપશે. કઠિનમાં કઠિન લાગતા સંકલ્પ પણ સિદ્ધ થઈ જાય છે, જો તેની

> **આજે જ્યારે દેશ કોઈ સંકલ્પ લે છે, કોઈ લક્ષ્ય બનાવે છે, તો રાજસ્થાન તેના કેન્દ્રમાં હોય છે. આજે રાજસ્થાનમાં ઝડપી ગતિથી આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ થઈ રહ્યું છે. જયપુર મેટ્રો ફેઝ-2ની આધારશિલા અને જોધપુર એરપોર્ટના નવા ટર્મિનલનું ઉદ્ઘાટન રાજસ્થાનના વિકાસને વધુ ગતિ આપશે.**
>
> **– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## સંશોધિત ઉડાન યોજના લોન્ચ

- જોધપુરમાં સંશોધિત ઉડાન યોજના લોન્ચ. પ્રાદેશિક સંપર્ક પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.
- આનાથી ભારતીય વિમાનન ક્ષેત્રને મોટું પ્રોત્સાહન મળશે અને નાગરિક વિમાનન પરિદ્રશ્યમાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.
- આ યોજના હેઠળ 28,840 કરોડ રૂ. ફાળવવામાં આવ્યા. આનો ઉદ્દેશ્ય આગામી 10 વર્ષોમાં વિમાનન-આધારિત વિકાસને ગતિ આપવાનો છે.




QR કોડ: પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## નવા ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન

**₹480** કરોડના ખર્ચથી વિકસિત જોધપુર હવાઈ અડ્ડા પર નવા ટર્મિનલ ભવનનું ઉદ્ઘાટન.

**23,000** ચોરસ મીટરથી વધુ ક્ષેત્રમાં ફેલાયેલું આ નવું ટર્મિનલ ભવન પ્રતિ વર્ષ 20 લાખ યાત્રીઓને સંભાળવામાં સક્ષમ.

- આધુનિક યાત્રી સુવિધાઓથી સજ્જ, યાત્રીઓને સુગમ અને આરામદાયક યાત્રાનો અનુભવ મળશે.
- રાજસ્થાનના શાહી વારસાથી પ્રેરિત વાસ્તુકળા સાથે આ ટર્મિનલમાં મહેરાબ અને ઝરૂખા જેવા પરંપરાગત તત્વો સમકાલીન ડિઝાઈન સાથે સુંદરતાથી સામેલ.
- ઊર્જા-કુશળ પ્રણાલીઓ, જળ સંરક્ષણ ઉપાયો અને હરિત ભવન નિર્માણ પદ્ધતિઓ જેવી વિશેષતાઓ ટર્મિનલની ડિઝાઈનના અભિન્ન અંગ છે.



## આધારશિલા અને ઉદ્ઘાટન

- બાલોતરામાં લગભગ 1.06 લાખ કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનું શિલાન્યાસ અને ઉદ્ઘાટન.
- આ પરિયોજનાઓ પેટ્રોકેમિકલ્સ, શહેરી પરિવહન, રેલવે, સડક, પુનઃપ્રાપ્ય ઊર્જા અને વિદ્યુત ટ્રાન્સમિશન સહિત અનેક ક્ષેત્રો સાથે જોડાયેલી છે.
- બાલોતરાના પચપદ્રામાં ભારતનો પ્રથમ ગ્રીનફીલ્ડ એકીકૃત રિફાઈનરી-સહ-પેટ્રોકેમિકલ પરિસર રાષ્ટ્રને સમર્પિત.

રાજસ્થાન સરકારના વિવિધ વિભાગોમાં ભરતી કરાયેલા લગભગ **54,000** યુવાનોને નિમણૂક પત્રો વિતરિત.

## જયપુર મેટ્રો રેલ પરિયોજનાના બીજા ચરણની આધારશિલા

**₹13,000** કરોડથી વધુના ખર્ચથી તૈયાર થનારી જયપુર મેટ્રો રેલ પરિયોજનાના બીજા ચરણની આધારશિલા મૂકવામાં આવી.

લગભગ **₹900** કરોડના ખર્ચથી નિર્મિત ચૂરુ-સાદુલપુર (58 કિમી) અને ચૂરુ-રતનગઢ (46 કિમી) ડબલ રેલ લાઈન પરિયોજના રાષ્ટ્રને સમર્પિત.

- SJVN લિમિટેડનો 1,000 મેગાવોટનો બીકાનેર સોલર પાવર પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત.
- NHPC નો 300 મેગાવોટનો કરણીસર બીકાનેર સોલર પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત.
- રાજસ્થાન REZ માટે 530 કિલોમીટર લાંબી વીજળી ટ્રાન્સમિશન પ્રણાલીની આધારશિલા.

**1,900** કરોડ રૂપિયા ખર્ચથી તૈયાર ટ્રાન્સમિશન લાઈનનું ઉદ્ઘાટન.

પાછળનો ઉદ્દેશ્ય યોગ્ય હોય. રાજસ્થાનમાં પાણી સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન આનું એક વધુ મોટું ઉદાહરણ છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે આવનારા સમયમાં વિકાસના વધુ નવા આયામો સર કરવાના છે. આપણે સાથે મળીને રાજસ્થાનના નવા ભવિષ્યનું નિર્માણ કરીશું. ■








# નેક્સ્ટ જેન ટેક ક્રાંતિ...

## ભારતમાં સેમિકન્ડક્ટરનો નવો યુગ

***ભારત જે નક્કી કરે છે, તે કરીને બતાવે છે. લગભગ 5 વર્ષ પહેલાં ભારતે સંકલ્પ લીધો હતો કે દેશને સેમિકન્ડક્ટરનું હબ બનાવાશે. રાષ્ટ્ર 'મેક ઈન ઈન્ડિયા'નો મંત્ર લઈને ન માત્ર આગળ વધ્યું પરંતુ સેમિકન્ડક્ટર એકમો પર ઝડપથી કામ શરૂ કર્યું. આ જ કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 4 જુલાઈના રોજ ગુજરાતના સાણંદમાં સીજી સેમી આઉટસોર્સ સેમિકન્ડક્ટર અસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) સુવિધાનું ઉદ્ઘાટન કર્યું. સેમિકન્ડક્ટરના આ ત્રીજા એકમમાં હવે ચિપ પેકેજિંગનું શરૂ થયું વ્યાવસાયિક ઉત્પાદન ...***

ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિથી આજે સૌ ઉત્સાહિત છે. દેશ-દુનિયામાં આની ચર્ચા થઈ રહી છે. અવારનવાર લોકો આને આઈસોલેશનમાં જુએ છે, પરંતુ એવું નથી. ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિસ્તાર અચાનક નથી થયો. આ વીતેલા એક દાયકામાં ભારતમાં આવેલી ઈલેક્ટ્રોનિક્સ ક્રાંતિનો નેક્સ્ટ સ્ટેપ છે. ગુજરાતના સાણંદમાં OSAT સુવિધાના ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમારો પ્રયાસ માત્ર ફાઈનલ પ્રોડક્ટમાં આત્મનિર્ભરતા સુધી મર્યાદિત નથી. અમારો પ્રયાસ કમ્પોનન્ટ્સમાં પણ આત્મનિર્ભરતા તરફ છે. ભારત માત્ર મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ નહીં બનાવે પરંતુ ચિપનું નિર્માણ પણ કરશે, જેનાથી ઈલેક્ટ્રોનિક્સની આખી દુનિયા ચાલે છે.

> **"આવનારા સમયમાં AI તમારી સામે નવી સ્કિલ્સ, નવી એક્સપર્ટાઈઝનું એક આખું વિશ્વ ખોલી દેનાર છે. તેથી, ભારતના યુવાનોએ હવે આ તકો ગુમાવવાની નથી. અને હું નવયુવાનોને કહું છું - આઈડિયા તમારો, સાથ મારો."**
>
> **– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



## 5 અબજ સેમિકન્ડક્ટર ચિપ સુધી હશે આ પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા

- પૂર્ણ ક્ષમતા સાથે કામ શરૂ થયા પછી, આ પ્લાન્ટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા 5 અબજ સેમિકન્ડક્ટર ચિપ સુધી હશે.
- આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને હાઈ-પર્ફોર્મન્સ કમ્પ્યુટિંગમાં ઝડપી વિકાસને કારણે મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સની વધતી વૈશ્વિક માંગને પૂરી કરવામાં મદદરૂપ.
- પ્લાન્ટ ઓટોમોટિવ, ઔદ્યોગિક, ટેલિકોમ, 5G અને ઇન્ટરનેટ ઓફ થિંગ્સ ક્ષેત્રોના ગ્રાહકોની જરૂરિયાતોને પૂરી કરશે.

## ₹7,500 કરોડથી વધુના કુલ રોકાણથી વિકસિત પ્લાન્ટ

- ગુજરાતના સાણંદમાં સ્થિત OSAT પ્લાન્ટમાંથી દર વર્ષે 20 કરોડ ચિપ નીકળશે.
- ભારતના સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં આ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે, કારણ કે આ પ્લાન્ટમાં વ્યાવસાયિક ઉત્પાદન શરૂ થઈ ગયું છે.
- વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શ્રૃંખલામાં ભારતની સ્થિતિને મજબૂત કરવાની દિશામાં એક મોટું પગલું.
- આ પ્રોજેક્ટ ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર કરાયેલા પ્રથમ ચાર પ્રોજેક્ટ્સમાંથી એક.

## દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક

2014 પહેલાં ભારત પોતાની જરૂરિયાતના મોટાભાગના સ્માર્ટફોન વિદેશથી મંગાવતું હતું. આજે ભારતમાં મોબાઈલ ફોન પ્રોડક્શન પહેલાં કરતાં 33 ગણું વધી ગયું છે.

આજે ભારત દુનિયાનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક અને મોબાઈલ નિકાસકાર છે.




***આજે ભારતનું કુલ ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન 2014 ની સરખામણીએ લગભગ 7 ગણું અને ઈલેક્ટ્રોનિક્સ નિકાસ લગભગ 11 ગણી વધી. આ સેક્ટર લગભગ 13 લાખ કરોડ રૂપિયાની ઈન્ડસ્ટ્રી બની ગયું છે. આનાથી 25 લાખથી વધુ લોકોને રોજગાર મળ્યો છે.***



## 12 સેમિકન્ડક્ટર યુનિટ્સ નિર્માણાધીન

વર્તમાનમાં ભારતમાં 12 સેમિકન્ડક્ટર યુનિટ્સ નિર્માણાધીન છે, 24 ડીપ-ટેક ચિપ ડિઝાઈન સ્ટાર્ટઅપ શરૂ થયા છે, 70 હજારથી વધુ યુવાનોને ચિપ ડિઝાઈનમાં તાલીમ આપવામાં આવી છે. 315 યુનિવર્સિટીઓ હવે સેમિકન્ડક્ટર ડિઝાઈન સંબંધિત કોર્સ કરાવી રહી છે. ધોલેરામાં બની રહેલી ભારતની પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ ઝડપથી આગળ વધી રહી છે.



જ્યારે પણ દુનિયામાં કોઈ નવી ઔદ્યોગિક ક્રાંતિ આવે છે, ત્યારે સૌથી વધુ તકો યુવાનો માટે ઊભી થાય છે. જ્યારે આઈટી ક્રાંતિ આવી તો તેમાં લાખો ભારતીય યુવાનોને પોતાનું સામર્થ્ય બતાવવાની તક મળી. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સેમિકન્ડક્ટર અને AI રિવોલ્યુશનનો સમય પણ અસંખ્ય નવી તકો લઈને આવી રહ્યો છે. સંશોધન અને ડિઝાઈનથી લઈને, સ્ટાર્ટઅપ ઈનોવેશન અને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ સુધી, અનેક તકો છે. ■

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

**પીએમ તકાઈચી સનાએની ભારત યાત્રા**

# પ્રગતિ અને રણનીતિક તાલમેલનો નવો અધ્યાય

**ભારત-જાપાનના અતૂટ વિશ્વાસ અને વિશેષ રણનીતિક ભાગીદારીમાં જુલાઈ 2026 માં એક નવો અધ્યાય જોડાયો, જ્યારે જાપાનના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તકાઈચી સનાએ પોતાના પ્રથમ સત્તાવાર પ્રવાસે 1-3 જુલાઈ સુધી ભારતમાં રહ્યા. 16મી ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન દરમિયાન બંને વૈશ્વિક શક્તિઓ વચ્ચે સંરક્ષણ, આર્થિક અને ઊર્જા સુરક્ષા, ટેકનોલોજી અને નવાચાર સહિત સુરક્ષિત, ભરોસાપાત્ર અને માનવ કેન્દ્રિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઈકોસિસ્ટમ બનાવવા પર સહમતિ બની...**

ભારત અને જાપાનનો પરસ્પર સહયોગ ન માત્ર બંને દેશો માટે, પરંતુ પૂરા ભારત-પ્રશાંત ક્ષેત્રની ખુશાલી અને વિકાસ માટે પણ જરૂરી છે. ઝડપથી બદલાતા વૈશ્વિક માહોલમાં બંને પ્રધાનમંત્રીઓએ ભારત-જાપાન ભાગીદારીના રણનીતિક મહત્વને સમજ્યું. પરસ્પર સંબંધોને વધુ મજબૂત કરવાનો સંકલ્પ દોહરાવ્યો. 15મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનની સફળતાને આગળ વધારતા, બંને નેતાઓ સંરક્ષણ અને સુરક્ષા સહયોગ, આર્થિક અને ઊર્જા સુરક્ષા, ટેકનોલોજી અને નવાચાર સહિત આર્થિક ભાગીદારીમાં સહયોગ વધારવા પર સહમત થયા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જાપાનના પ્રધાનમંત્રી તકાઈચી સનાએ એ કહ્યું કે દુનિયાના અગ્રણી

## ઓટોમોટિવ અને મેક ઈન ઈન્ડિયા

- **સુઝુકીનું ગ્લોબલ હબ બન્યું ભારતઃ** દુનિયાભરમાં સુઝુકીની બે-તૃતીયાંશ કારો હવે ભારતમાં બની રહી છે, જેમને 100 થી વધુ દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવી રહી છે.
- **ખરખૌદામાં નવો પ્લાન્ટઃ** હરિયાણાના ખરખૌદામાં મારુતિ સુઝુકીના અત્યાધુનિક નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.
- **સફળતાનો મંત્રઃ** જ્યારે જાપાનની એક્સપર્ટાઈઝ અને ઈન્વેસ્ટમેન્ટ, ભારતની સ્પીડ અને સ્કેલ સાથે જોડાય છે, તો આનો ફાયદો સમગ્ર વિશ્વને થાય છે.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



## ઊર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી

- ગ્રીન એનર્જીને પ્રોત્સાહનઃ 'ભારત-જાપાન સહકારી બાયોગેસ વિકાસ પહેલ', ભારતમાં 1,000 બાયોગેસ અને જૈવિક ખાતર પ્લાન્ટ લગાવવાનું લક્ષ્ય છે.
- 2027 સુધીમાં બુલેટ ટ્રેનઃ જાપાની પીએમ એ આશ્વાસન આપ્યુ કે ભારતમાં વર્ષ 2027 સુધીમાં બુલેટ ટ્રેન સેવા શરૂ કરવા માટે જાપાન તમામ જરૂરી મદદ કરશે.
- કન્ઝ્યુમર દેશોનો મજબૂત અવાજઃ ઊર્જાનો વધુ વપરાશ કરનારા બંને દેશ વૈશ્વિક મંચ પર પોતાના અવાજને વધુ મજબૂત કરશે.
- ઊર્જા પરિવહનમાં સહયોગઃ તેલ અને પ્રાકૃતિક ગેસના સુરક્ષિત સમુદ્રી પરિવહન માટે બંને દેશ મળીને કામ કરશે.
- સુરક્ષિત AI ઈકોસિસ્ટમઃ ભારત-પ્રશાંત ક્ષેત્ર સહિત સમગ્ર વિશ્વ માટે એક સુરક્ષિત અને ભરોસાપાત્ર AI ઈકોસિસ્ટમ બનાવવા પર ભાર.
- ભારતીય AI ટેલેન્ટને તકઃ વર્ષ 2030 સુધી ભારતમાંથી 500 કુશળ AI વ્યાવસાયિકોને જાપાન આમંત્રિત કરશે.

**પર્યટન અને પીપલ ટુ પીપલ કનેક્ટઃ વર્ષ 2025 માં ભારત-જાપાન વચ્ચે યાત્રા કરનારા લોકોની સંખ્યા 5.40 લાખને પાર.**

## ક્ષેત્રીય અને વૈશ્વિક મુદ્દા

- સમૃદ્ધ ભારત-પ્રશાંતનું વિઝનઃ મજબૂત અને સમૃદ્ધ ભારત-પ્રશાંત ક્ષેત્રના સહિયારા લક્ષ્ય માટે સમાન વિચારધારાવાળા દેશો વચ્ચે સહયોગ વધારશે.
- સમુદ્રી સુરક્ષા પર કડક વલણઃ પૂર્વી અને દક્ષિણ ચીન સાગરની સ્થિતિ પર મંથન. વર્તમાન સ્થિતિ બદલવાની એકતરફી કાર્યવાહીનો કડક વિરોધ.
- આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માનઃ સમુદ્રી વિવાદોનો ઉકેલ દરેક હાલતમાં શાંતિપૂર્ણ રીતે અને આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત જ હોવો જોઈએ.
- ઉત્તર કોરિયા પર ચિંતાઃ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના નિયમો હેઠળ તેના પૂર્ણ પરમાણુ નિઃશસ્ત્રીકરણની માંગ પુનઃ કરવામાં આવી.
- UNSC માં તાત્કાલિક સુધારઃ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં તાત્કાલિક સુધાર માટે અન્ય G-4 દેશો સાથે મળીને કામ કરવાનો સંકલ્પ, જેમાં સ્થાયી અને અસ્થાયી બંને શ્રેણીઓનો વિસ્તાર સામેલ છે.
- સીટો માટે પરસ્પર સમર્થનઃ ભારત અને જાપાને વર્ષ 2028-29 અને 2033-34 માં સુરક્ષા પરિષદની અસ્થાયી સીટો માટે એકબીજાની ઉમેદવારીનું સમર્થન કરવા પર સહમતિ દર્શાવી.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## વેપાર અને રોકાણ

- 10 ટ્રિલિયન યેનનો મોટો લક્ષ્યઃ આગામી એક દાયકામાં જાપાનથી ભારતમાં રોકાણને 10 ટ્રિલિયન યેનની પાર લઈ જવાનો મજબૂત સંકલ્પ.
- બમ્પર બિઝનેસ એગ્રીમેન્ટઃ છેલ્લા એક વર્ષમાં બંને દેશો વચ્ચે 100 થી વધુ નવા વ્યાપારી કરારો થયા, જેનાથી ભારતમાં 10 અબજ ડૉલરથી વધુનું જાપાની રોકાણ આવશે.
- રોકાણ માટે ફાસ્ટ-ટ્રેક સિસ્ટમઃ 'ભારત-જાપાન ઇન્ડસ્ટ્રિયલ કોમ્પિટિટિવનેસ પાર્ટનરશિપ' હેઠળ ફાસ્ટ-ટ્રેક વ્યવસ્થાથી રોકાણની પરિસ્થિતિને વધુ શાનદાર બનાવવામાં આવશે.
- રણનીતિક સપ્લાય ચેનઃ સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ અને એડવાન્સ્ડ મટીરિયલ્સ જેવા રણનીતિક ક્ષેત્રોમાં સપ્લાય ચેન વ્યવસ્થાને સુગમ અને મજબૂત કરવામાં આવશે.

લોકતંત્ર અને પ્રમુખ અર્થવ્યવસ્થાના રૂપમાં તેમનું એ કર્તવ્ય છે કે તેઓ એક એવી આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને આકાર આપે, જે સ્વતંત્ર, ખુલ્લી અને કાયદાના શાસન પર આધારિત હોય. બંને પ્રધાનમંત્રીઓએ પોતપોતાના મંત્રીઓને આ વર્ષના અંત સુધી ટોક્યોમાં '2+2' મંત્રીસ્તરીય બેઠકના ચોથા રાઉન્ડનું આયોજન કરવાનો નિર્દેશ આપ્યો. બંને નેતાઓએ 'આર્થિક સુરક્ષા પહેલ' હેઠળ થયેલી પ્રગતિની પ્રશંસા કરી, જેમાં આ વર્ષે આયોજિત પહેલો ખાનગી ક્ષેત્ર આર્થિક સુરક્ષા સંવાદ અને આ વાર્તાનો બીજો રાઉન્ડ શામેલ છે. આ સાથે જ, સેમિકન્ડક્ટર, મહત્વપૂર્ણ ખનિજ, સૂચના અને સંચાર ટેકનોલોજી, સ્વચ્છ ઊર્જા અને ફાર્મા જેવા પ્રમુખ ક્ષેત્રોમાં પ્રોજેક્ટ-આધારિત સહયોગને વધારવા માટે 'આર્થિક સુરક્ષા સહયોગ પર ભારત-જાપાન સંયુક્ત ઘોષણા' ને પણ મંજૂરી આપવામાં આવી. ■



## ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની યાત્રા

# વૈશ્વિક સંબંધોને નવી ઉડાન

*ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની યાત્રા આ દેશો સાથે ભારતના મજબૂત થતાં સંબંધોની એક નવી ઉડાન છે. આ ભારતની 'એક્ટ ઈસ્ટ' નીતિ અને સમુદ્રી વિઝનને વધુ મજબૂત કરશે. સાથે જ, આ એક સ્વતંત્ર અને ખુલ્લા હિંદ-પ્રશાંત ક્ષેત્રના સપનાને પણ આગળ વધારશે. આ યાત્રા દરમિયાન સંરક્ષણ, વેપાર, ઊર્જા અને સંસ્કૃતિ સહિત અસંખ્ય દ્વિપક્ષીય તથા વૈશ્વિક મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ અને ડઝનબંધ કરારો થયા...*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 6 થી 11 જુલાઈ સુધી થયેલી ઈન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની યાત્રા ક્ષેત્રીય અને વૈશ્વિક સંબંધોની દ્રષ્ટિએ અત્યંત ખાસ રહી. આ પ્રવાસ દરમિયાન બદલાતી વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે પરસ્પર સંબંધોને મજબૂત કરવા અને ભવિષ્યના કેટલાક મહત્વપૂર્ણ કરારો પર સ્પષ્ટ ચર્ચા થઈ. આ પ્રવાસે ન માત્ર ભારતની 'એક્ટ ઈસ્ટ પોલિસી' ને ગતિ આપી છે, પરંતુ એક સ્વતંત્ર અને ખુલ્લા હિંદ-પ્રશાંત ક્ષેત્રને લઈને ભારતના વિઝનને પણ વધુ મજબૂત કર્યું છે.

# ઈન્ડોનેશિયા

## મહત્વપૂર્ણ કરારો અને ઘોષણાઓ

- બ્રહ્મોસ મિસાઈલ પ્રણાલી પર સહયોગ.
- હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સહયોગ કરાર.
- ઈન્ડોનેશિયામાં સ્ટેનલેસ સ્ટીલ સ્લેબ નિર્માણ પ્લાન્ટની સ્થાપના માટે સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને પી.ટી. ક્રાકાતાઉ સ્ટીલ વચ્ચે કરાર.
- યોગ્યાકાર્તાના પ્રમ્બાનન મંદિર પરિસરના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર માટે ભારત સહાયતા કરશે.
- આઈએફસી-આઈઓઆરમાં ઈન્ડોનેશિયાઈ સંપર્ક અધિકારી તૈનાત.
- "ટાગોર-દેવંતારા સાંસ્કૃતિક અને શૈક્ષણિક કૂટનીતિ વર્ષ" નો સ્મરણોત્સવ ઉજવવામાં આવશે.
- સિંગાસરી SEZ, ઈન્ડોનેશિયામાં ભારતીય પ્રબંધન સંસ્થાન, બેંગલુરુ શાખા પરિસરની સ્થાપના.

## ઈન્ડોનેશિયાની સંસદને સંબોધિત કરનારા પ્રથમ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાની સંસદને સંબોધિત કરનારા ભારતના પ્રથમ પ્રધાનમંત્રી બન્યા. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે લોકતંત્રની જનની ભારત, ઈન્ડોનેશિયા સાથે લોકતાંત્રિક સંબંધોને મજબૂત કરવા માટે કટિબદ્ધ છે. તેમણે 'વસુધૈવ કુટુમ્બકમ્' તથા 'ભિન્નેકા તુંગલ ઈકા' (વિવિધતામાં એકતા) ના સહિયારા આદર્શોનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ જ મૂલ્યો બંને દેશોની ભાગીદારીનું માર્ગદર્શન કરી રહ્યા છે. સદીઓ જૂના સભ્યતાગત સંબંધોની ભાવનાને અનુરૂપ પ્રધાનમંત્રી મોદીએ દ્વિપક્ષીય સહયોગ માટે ગંગા-મહાકમ વિઝનના આધારે ભારત-ઈન્ડોનેશિયા સંબંધોમાં એક નવી શરૂઆતનું આહ્વાન કર્યું.



## ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન બિંતાન્ગ આદિપૂર્ણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'બિન્તાગ આદિપૂર્ણ' એનાયત કર્યું. આ સન્માન ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સંબંધોને સુદ્રઢ બનાવવામાં તેમના નેતૃત્વ અને અસાધારણ યોગદાન માટે પ્રદાન કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## બંને દેશોની મિત્રતાના આધારસ્તંભ છે ભારતીય પ્રવાસીઓ

જકાર્તામાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ઈન્ડોનેશિયાની પ્રગતિ અને સમૃદ્ધિ તેમજ બંને દેશો વચ્ચેની મિત્રતામાં ભારતીય પ્રવાસીઓ એક આધારસ્તંભ છે. પ્રવાસી સમુદાયને 'વિકસિત ભારત 2047' અને 'ઈન્ડોનેશિયા એમાસ 2047' ની સહિયારી આકાંક્ષાઓને સાકાર કરવામાં પોતાનું યોગદાન આપવા આહ્વાન કર્યું. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે બે હજાર વર્ષથી પણ વધુ જૂના ઊંડા સભ્યતાગત, સાંસ્કૃતિક અને લોકો વચ્ચેના પરસ્પર સંબંધો છે. આજે, ઈન્ડોનેશિયા લગભગ 1.50 લાખ ભારતીય મૂળના લોકો (PIO) અને આશરે 15,000 અપ્રવાસી ભારતીયો (NRI) નું ઘર છે.

## બંને દેશો વચ્ચે આ વિષયો પર થઈ ચર્ચા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો વચ્ચે જકાર્તાના ઈસ્તાના મર્દેકા ખાતે દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર ચર્ચા થઈ. રાજનૈતિક જોડાણ, સંરક્ષણ અને સુરક્ષા સહયોગ, સમુદ્રી સહયોગ, વેપાર અને રોકાણ, ડિજિટલ અર્થવ્યવસ્થા, વિજ્ઞાન અને ટેકનોલોજી, અંતરિક્ષ, મહત્વપૂર્ણ ખનિજ, ઊર્જા, કૃષિ, સ્વાસ્થ્ય, ઔષધિ, શિક્ષણ, સંસ્કૃતિ, પર્યટન, યુવા આદાન-પ્રદાન અને બંને દેશોના લોકો વચ્ચેના સંબંધો સાથે પરસ્પર હિતના ક્ષેત્રીય અને વૈશ્વિક ઘટનાક્રમ પર પણ વિગતવાર ચર્ચા થઈ.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રમ્બાનન મંદિર પરિસરમાં દર્શન કર્યા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગ્યાકાર્તા સ્થિત યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ પ્રમ્બાનન મંદિર પરિસરમાં દર્શન કર્યા. આ દરમિયાન ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો પણ પ્રધાનમંત્રી મોદી સાથે મંદિરમાં દર્શન માટે ઉપસ્થિત રહ્યા. બંને નેતાઓએ મંદિર પરિસરમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર પ્રોજેક્ટના શુભારંભ નિમિત્તે એક તકતીનું અનાવરણ કર્યું. 9મી સદીમાં નિર્મિત, પ્રમ્બાનન મંદિર પરિસર ઈન્ડોનેશિયાનું સૌથી મોટું મંદિર પરિસર છે જે ભગવાન બ્રહ્મા, ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને સમર્પિત છે.



# ઓસ્ટ્રેલિયા




## ભારત અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીઓનો સંયુક્ત દ્રષ્ટિકોણ

**યુરેનિયમ અને ક્લીન એનર્જી:** પરમાણુ ઊર્જાના ક્ષેત્રમાં એક મોટો કરાર થયો છે. હવે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમ મળવાનું શરૂ થઈ જશે, જેનાથી ભારતને પર્યાવરણ અનુકૂળ (ક્લીન) એનર્જી બનાવવામાં મદદ મળશે.

**ક્રિટિકલ મિનરલ્સ:** બંને દેશો મળીને 'ક્રિટિકલ મિનરલ કોરિડોર' બનાવવા પર કામ કરશે, જેથી જરૂરી ખનિજોનો પુરવઠો સરળતાથી થઈ શકે.

**સંરક્ષણ અને સુરક્ષામાં સહયોગ:** બંને દેશો મળીને એક 'ડિફેન્સ ઈનોવેશન કોરિડોર' બનાવશે. આનો હેતુ બંને દેશોના ડિફેન્સ સ્ટાર્ટઅપ અને ડિફેન્સ કંપનીઓને એક સાથે લાવવાનો છે.

**શિક્ષણ અને નોલેજ પાર્ટનરશિપ:** ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીઓના કેમ્પસ હવે ભારતમાં ખૂલી રહ્યા છે. આનાથી બંને દેશો વચ્ચે અભ્યાસ અને જ્ઞાનનો તાલમેલ વધુ મજબૂત થશે.

**રમતગમતનું આયોજન:** આવનારા વર્ષોમાં બંને દેશોમાં ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સ જેવા દુનિયાના સૌથી મોટા રમત ઉત્સવોની મેજબાની કરવામાં આવશે.

## વધી રહ્યા છે વ્યાવસાયિક અવસરો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બાનીઝે 'ઓસ્ટ્રેલિયા-ભારત સીઈઓ ફોરમ' તથા 'ઈકોનોમિક રોડમેપ' બિઝનેસ કાર્યક્રમને સંબોધિત કર્યો. આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં બંને દેશોના 200 થી વધુ શીર્ષ બિઝનેસ લીડર્સ અને મુખ્ય કારોબારી અધિકારીઓ સામેલ થયા. આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ રેખાંકિત કર્યું કે ભારતની સુદ્રઢ આર્થિક વૃદ્ધિ, નિરંતર વહીવટી સુધાર, ડિજિટલ પરિવર્તન અને ઈનોવેશનનું અનુકૂળ વાતાવરણ, ઓસ્ટ્રેલિયાઈ કારોબારી ભાગીદારો માટે વેપારની નવી અને અસીમ તકો ઊભી કરી રહ્યું છે.

## સાઈબર સુરક્ષા

ઓસ્ટ્રેલિયા અને ભારત સાઈબર સુરક્ષાને મજબૂત કરવા, સાઈબર ગુનાઓને રોકવા અને પોતાના મહત્વપૂર્ણ માળખાકીય સવલતોની સુરક્ષા માટે મળીને કામ કરશે. બંને દેશો એકબીજાનું તકનીકી જ્ઞાન આદાનપ્રદાન કરવા, વેપાર અને રોકાણની તકો વધારવા અને કૌશલ્ય વિકાસ માટે એક ઈનક્યુબેટર હબ બનાવવા પર સહમત થયા છે. સાથે જ, તેઓ આ સહયોગને સુવ્યવસ્થિત કરવા માટે એક મજબૂત દ્વિપક્ષીય તંત્ર સ્થાપિત કરશે જેથી વૈશ્વિક મંચો પર વધુ સારો તાલમેલ બની શકે.

## પ્રવાસી ભારતીય બંને દેશો વચ્ચે સેતુ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેલબોર્નમાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા બંને દેશોના મજબૂત થતા સંબંધોની સરાહના કરી. તેમણે શિક્ષણ, અર્થવ્યવસ્થા અને ડિજિટલ ક્રાંતિના ક્ષેત્રમાં ભારતની પ્રગતિને રેખાંકિત કરતા પ્રવાસી ભારતીયોને બંને દેશો વચ્ચે એક જીવંત સેતુ જણાવ્યો.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

# ન્યૂઝીલેન્ડ

## 'ભારત-ન્યૂઝીલેન્ડ: એક સફળ ભાગીદારી'

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન દ્વારા આયોજિત 'ભારત-ન્યૂઝીલેન્ડ: એક સફળ ભાગીદારી' વિષય પર આધારિત એક વિશેષ ભોજન સમારંભમાં ભાગ લીધો. આ કાર્યક્રમમાં રાજનીતિ, વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, ટેકનોલોજી, રમતગમત અને કલા જગતની અગ્રણી હસ્તીઓએ ભાગ લીધો. કાર્યક્રમમાં ભારત-ન્યૂઝીલેન્ડ મુક્ત વેપાર કરાર નોંધનીય સમયમાં પૂર્ણ કરવા પર ચર્ચા થઈ. એવું જણાવવામાં આવ્યું કે આનાથી બંને દેશોના વ્યવસાયો, યુવાનો અને ખેડૂતો માટે નવી તકો ખુલશે અને 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરવાના લક્ષ્યને પૂર્ણ કરવામાં મદદ મળશે.

### 'કિયા ઓરા મોદી' કાર્યક્રમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓકલેન્ડમાં 'કિયા ઓરા મોદી' કાર્યક્રમમાં ન્યૂઝીલેન્ડમાં વસતા ભારતીય પ્રવાસીઓની સભાને સંબોધિત કરી. તેમણે કહ્યું કે આ સભા ભલે ભારતીય પ્રવાસીઓની હોય, પરંતુ વાસ્તવમાં આ ભારત-ન્યૂઝીલેન્ડની મિત્રતા, રમતગમતના સંબંધો અને આર્થિક ભાગીદારીનો ઉત્સવ છે.

## રોકાણ અને વ્યાવસાયિક ભાગીદારી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વ્યવસાય જગતને રોકાણ અને વ્યાવસાયિક ભાગીદારી વધારવા માટે પ્રોત્સાહિત કર્યા અને 2030 સુધી દ્વિપક્ષીય વેપારને બમણો કરીને લગભગ 35,000 કરોડ સુધી પહોંચાડવાના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરવા આહ્વાન કર્યું. એ બાબત પર ભાર મુકવામાં આવ્યો કે ભારત-ન્યૂઝીલેન્ડ આર્થિક ભાગીદારી સમાવેશી અને સતત વેપારનું એક મોડેલ બનવાની સાથે ઈનોવેશન અને સમૃદ્ધિનું એક મંચ બની શકે છે.

## 2030 સુધીનો રોડમેપ

40 વર્ષમાં પ્રથમ વાર કોઈ ભારતીય પ્રધાનમંત્રીની ન્યૂઝીલેન્ડની સત્તાવાર યાત્રા રહી. આ યાત્રા દરમિયાન બંને પ્રધાનમંત્રીઓએ દ્વિપક્ષીય સંબંધોને 'રણનીતિક ભાગીદારી' ના સ્તર સુધી લઈ જવાનો નિર્ણય કર્યો. આગામી ચાર વર્ષ માટે સંયુક્ત કાર્યવાહીના ભાગરૂપે તેમણે 'ભારત-ન્યૂઝીલેન્ડ રણનીતિક ભાગીદારી: 2030 નો રોડમેપ' ને મંજૂરી આપી. બંને નેતાઓ વચ્ચે થયેલી વાર્તામાં સંરક્ષણ અને સુરક્ષા સહયોગ, આતંકવાદ વિરુદ્ધ કાર્યવાહી, વેપાર અને આર્થિક સહયોગ, ક્ષેત્રીય અને બહુપક્ષીય સહયોગ, શિક્ષણ, સંશોધન, વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ આપત્તિ વ્યવસ્થાપન, સંસ્કૃતિ અને રમતગમતના ક્ષેત્રમાં સાથે મળીને કામ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.




રમતગમત અને વિજ્ઞાન

# ભારતીય મહિલા ક્રિકેટ

# સ્વર્ણિમ ભવિષ્યનો દમદાર ઉદ્ઘોષ

**લંડનના લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ત્યારે ઈતિહાસ રચાયો જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે આ ઐતિહાસિક મેદાન પર રમાયેલી પહેલી મહિલા આંતરરાષ્ટ્રીય ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ સામે યાદગાર વિજય મેળવ્યો. આ સફળતા માત્ર સ્કોરબોર્ડ પર મળેલી જીત નથી પરંતુ આ ભારતીય મહિલા ક્રિકેટમાં એક આત્મવિશ્વાસપૂર્ણ અને મજબૂત નવા યુગની શરૂઆતનું પ્રતીક છે...**

ક્રિકેટના સૌથી પ્રતિષ્ઠિત મેદાન લોર્ડ્સ પર રમાયેલી પ્રથમ મહિલા ટેસ્ટમાં ભારતીય મહિલા ટીમે ઈંગ્લેન્ડને 270 રનથી હરાવીને ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો. આ જીત લોર્ડ્સમાં મહિલા ટેસ્ટ જીતનારી પ્રથમ ટીમ બનવાનું ગૌરવ લઈને આવી. આ માત્ર એક જીત નથી, પરંતુ ભારતીય મહિલા ક્રિકેટના સ્વર્ણિમ ભવિષ્યની દમદાર ઘોષણા છે. 21 જુલાઈથી 23 જુલાઈ 1884 વચ્ચે લોર્ડ્સ પર પુરુષ ટીમો વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ હતી. આ મેચના પૂરા 142 વર્ષ પછી મહિલા ટેસ્ટ ક્રિકેટની પ્રથમ મેચ રમાઈ જેમાં ઈંગ્લેન્ડ ટીમનો પરાજય થયો.





## ભારતના યુવા પ્રતિભાઓએ જીત્યો સ્વર્ણ

કોલંબિયાના બુકારામંગામાં આયોજિત 56મા આંતરરાષ્ટ્રીય ભૌતિકી ઓલિમ્પિયાડ (IPhO) 2026 માં ભારતીય દળે સ્વર્ણ પદક જીત્યો છે. આ દળમાં કનિષ્ક જૈન, રિદ્ધેશ અનંત બેંડાલે, ઋષિત ગર્ગ, શ્રેષ્ઠ સુરેયા અને સ્વરિત જોશી સામેલ હતા. ભારતીય દળને અભિનંદન આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "આપણા યુવાનોનું શાનદાર પ્રદર્શન!" તેમણે કહ્યું કે આ સિદ્ધિ આપણી યુવા શક્તિની અસીમ ક્ષમતાની સાથે વિજ્ઞાન અને સંશોધન પ્રત્યેના તેમના ઉત્સાહનું વધુ એક ઉદાહરણ પૂરું પાડે છે. ■



**Narendra Modi**
@narendramodi
बाबा बर्फानी के दर्शन से जुड़ी श्री अमरनाथ यात्रा हमारी आध्यात्मिक परंपरा और सांस्कृतिक एकता का शाश्वत अध्याय है। मेरी कामना है कि शिवभक्तों की यह यात्रा हर तरह से सुरक्षित और मंगलमय हो! इस पावन अवसर पर श्रद्धालुओं के लिए पांच संकल्पों से जुड़ा मेरा यह पत्र...



**Rajnath Singh**
@rajnathsingh

हर-हर महादेव



**Amit Shah** @AmitSh...
अंतरराष्ट्रीय सहकारिता दिवस की सभी देशवासियों को हार्दिक शुभकामनाएं।

सहकारिता भारत की संस्कृति, सामूहिक शक्ति और आत्मनिर्भरता का आधार है। प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में सहकारिता क्षेत्र को नई ऊर्जा और विस्तार मिला है। चाहे सहकारिता विश्वविद्यालय हो, आधुनिक प्रशिक्षण केंद्र हों या नए क्षेत्रों में सहकारी संस्थाओं का सशक्तिकरण हो, यह प्रयास किसानों, महिलाओं, छोटे उद्यमियों और श्रमिकों को सशक्त बनाते हुए "सहकार से समृद्धि" के संकल्प को आगे बढ़ा रहा है।



**Nitin Gadkari**
लखनऊ, उत्तर प्रदेश में ₹4850 करोड़ के निवेश वाली 3 राष्ट्रीय राजमार्ग परियोजनाओं का लोकार्पण एवं शिलान्यास।

#PragatiKaHighway #GatiShakti
#KanpurLucknowExpressway



**Jyotiraditya M. Scindia** @JM_Scindia
A rare sighting of Cyananthus hookeri blooming in Arunachal's Tawang after 158 long years...

Our Northeast is a living treasure trove of biodiversity, where nature continues to reveal its wonders. Such rediscoveries remind us of the region's unparalleled ecological wealth and the importance of preserving it.



**Jagat Prakash Nadda**
@JPNadda
World Population Day underscores the importance of voluntary family planning, informed choices, and healthy families as the foundation of inclusive and sustainable development.

This year's theme, "Healthy Timing and Spacing of Pregnancies for the Well-being of Mother & Child and planned parenthood" and the campaign slogan "जब बच्चों में हो सही अंतराल, परिवार को सशक्त और खुशहाल" reinforces the need to improve maternal and child health through informed reproductive choices and quality family planning services.

बड़ी रणनीतिक जीत: रक्षा, क्रिटिकल मिनरल्स पर सहयोग का संकल्प

## भारत को ऑस्ट्रेलिया देगा यूरेनियम, ऊर्जा से सुरक्षा तक बड़ी साझेदारी

मेलबर्न से मोदी का संदेश
'मदद में नहीं देखते पासपोर्ट का रंग'



शिखर वार्ता के प्रमुख फैसले

यूरेनियम समझौता क्यों अहम?

## मोदी ने लक्सन को दी हॉकी स्टिक, अल्बनीज को कॉफी बॉक्स

न्यूजीलैंड के प्रधानमंत्री को उत्तराखंडी टोपी भी दी, सुविधाओं को खास चाय का तोहफा

## इंटरनेशनल फिजिक्स ओलंपियाड में भारतीय छात्रों का जलवा

जीते स्वर्ण पदक, प्रधानमंत्री मोदी ने भी सराहा

## भारत दुग्ध उत्पादन में पहले और मोबाइल में दूसरे स्थान पर: मोदी



## हाइड्रोजन ट्रेन: कम दूरी की यात्रा में नई तस्वीर गढ़ने की तैयारी



मेलबर्न में प्रवासी भारतीयों के कार्यक्रम में बोले प्रधानमंत्री, आतंकी शिविरों पर की गई कार्रवाई पर गर्व

## ऑपरेशन सिंदूर में दुनिया ने देख ली भारत की ताकत: नरेंद्र मोदी





## भारत-न्यूजीलैंड रणनीतिक साझेदार, बढ़ाएंगे रक्षा सहयोग, व्यापार लक्ष्य 35 हजार करोड़




## રાષ્ટ્રીય હાથવણાટ દિવસ

7 ઓગસ્ટ

# સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાનું પ્રતીક



ભારતનું હાથવણાટ ક્ષેત્ર રાષ્ટ્રના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે, જેણે સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. 7 ઓગસ્ટ 1905ના રોજ શરૂ થયેલા સ્વદેશી આંદોલને સંસ્થાનવાદી શાસન સામે આર્થિક પ્રતિરોધના રૂપમાં સ્વદેશી ઉદ્યોગો, ખાસ કરીને હાથવણાટ ક્ષેત્રનું સમર્થન કર્યું હતું. હાથવણાટ કારીગરોની આ વિરાસતના સન્માન અને પ્રાચીન ભારતીય કળાને પુનર્જીવિત કરવા માટે ભારત સરકારે 2015 માં 7 ઓગસ્ટને રાષ્ટ્રીય હાથવણાટ દિવસ જાહેર કર્યો હતો. ત્યારથી આ દિવસ દર વર્ષે વણકર સમુદાયનું સન્માન કરવા, ભારતની હાથવણાટ વિરાસતને સંરક્ષિત કરવા અને પ્રોત્સાહન આપવાના સામુહિક સંકલ્પની યાદ અપાવે છે...



7 ઓગસ્ટ 2026ના રોજ ઉજવવામાં આવશે **12મો** રાષ્ટ્રીય હાથવણાટ દિવસ.



**આપણને સમગ્ર દેશમાં હાથવણાટની સમૃદ્ધ વિરાસત અને જીવંત પરંપરા પર ખૂબ જ ગર્વ છે. આપણે આપણા કારીગરોના પ્રયાસોની પણ કદર કરીએ છીએ અને 'વોકલ ફોર લોકલ' માટે આપણી કટિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.**

– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
**સમાચાર**
પાક્ષિક

આર.એન.આઈ., DELGUJ/2020/78812, 1-15 ઓગસ્ટ, 2026
આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-48)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી- 110003 થી પ્રકાશિત